**આજનો સુવિચાર**

લોકોને સમય આપતા શીખો, સંબંધ પોતે જ મજબૂત બનશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૦ જૂનાગઢ તા.૩૦-૦૧-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 40, Junagadh : Date : 30 January, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# આવતીકાલથી વર્તમાન સંસદનાં અંતિમ બજેટસત્રનો પ્રારંભ

## આર્થિક રીવ્યુ મુજબ ભારત ૨૦૩૦ સુધીમાં ૭ ટ્રીલીયન ડોલરની અર્થવ્યવસ્થા બની જશે : સત્રમાં વોટ ઓન એકાઉન્ટ સહિત અનેક મહત્વનાં બીલ રજુ કરાશે

નવી દિલ્હી તા. ૩૦

આગામી ટુંક સમયમાં યોજાનારી લોકસભા ચૂંટણી અને આવતીકાલથી શરૂ થઈ રહેલા વર્તમાન સંસદનાં આખરી સત્રમાં તા.૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા વચગાળાના બજેટ સમયે સરકારે જાહેર કરેલા આર્થિક રીવ્યુમાં દેશના અર્થતંત્ર સામે પડકાર વચ્ચે પણ ૨૦૩૦ સુધીમાં ભારત ૭ ટ્રીલીયન ડોલર અર્થવ્યવસ્થા બની જશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો.

નાણામંત્રાલયે ભારતીય અર્થવ્યવસ્થા સામે ચાર-પાંચ પડકાર હોવાનું જણાવીને આગામી વર્ષમાં ભારતનું અર્થતંત્ર ૭ ટકાના વિકાસ દરથી આગળ વધે તેવો આશાવાદ વ્યક્ત કરાયો હતો. પરંપરા મુજબ સંસદમાં બજેટ પુર્વે આર્થિક સર્વે જાહેર કરવામાં આવે છે પણ ચુંટણીના વર્ષમાં વચગાળાનું બજેટ હોવાથી નાણા મંત્રાલયે ૨૦૩૦ સુધીનું ચિત્ર રજૂ કર્યુ હતું.

આ રીવ્યુમાં જણાવાયું છે કે વૈશ્વિક આર્થિક પડકારો વચ્ચે ૨૦૨૩-૨૪નું વર્ષ ભારતીય અર્થતંત્ર માટે મહત્વનું પુરવાર થશે અને આગામી ૬-૭ વર્ષમાં દેશ ટ્રીલીયન ડોલર ઈકોનોમી બની જશે. નાણામંત્રીના મુખ્ય આર્થિક સલાહકાર અનંથા નાગેશ્વરે કહયું કે, ૨૦૨૫માં આપણે સાચી દિશામાં આગળ વધશું તો ૨૦૩૦ સુધીમાં ૭ ટ્રીલીયન ડોલરનું અર્થતંત્ર બની જશે.

જો કે વિશ્વમાં હવે આર્થિક વાડાબંધી ગ્લોબલાઈઝેશનની ઘટતી ઝડપની અસર વૈશ્વિક આર્થિક રફતાર પર થશે જેનાથી ભારત મુક્ત રહી શકે. આ ઉપરાંત એનર્જી સિકયોરીટી એ મહત્વનું છે.

અર્થતંત્ર પર આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો પડછાયો પડશે જેનાથી રોજગાર પર ૪૦ ટકા અસર પડી શકે છે અને સૌથી મહત્વનું કુશળ કારીગરોની ફૌજ ભારતે તૈયાર કરવી પડશે અને તેના માટે પાયાના શિક્ષણ અને વધુ બહેતર આરોગ્ય વ્યવસ્થા પણ પ્રાથમીકતા રહેશે.

લોકસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. લોકસભામાં વોટ ઓન એકાઉન્ટ પાસ કરવા ઉપરાંત આ સત્રમાં અનેક મહત્વપૂર્ણ કાયદાકીય કાર્યો થશે. જો કે દરેક લોકસભા તેના દરેક કાર્યકાળ માટે અલગ-અલગ કારણોથી જાણીતી છે, પરંતુ વર્તમાન ૧૭મી લોકસભામાં કેટલીક એવી ઘટનાઓ બની છે જેની ચર્ચા દાયકાઓ સુધી થતી રહેશે. કેન્દ્ર સરકારે બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સરકારે તમામ પક્ષોને આજે ૧૧.૩૦ વાગ્યે ચર્ચામાં ભાગ લેવાની અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીના બીજા કાર્યકાળનું આ વચગાળાનું બજેટ છે. જેમાં સરકાર આગામી નાણાકીય વર્ષ માટે પોતાના એજન્ડા રજૂ કરશે. આ ઉપરાંત સરકાર રાજકીય પક્ષોને તેના મુદ્દાઓની માહિતી પણ આપશે.

આવતીકાલથી શરૂ થઈ રહેલું સરકારનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી ૯ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ દરમિયાન કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ વચગાળાનું બજેટ રજૂ કરશે. લોકસભા ચૂંટણી બાદ નવી સરકારના નાણામંત્રી સંપૂર્ણ બજેટ રજૂ કરે છે. બજેટ સત્ર પહેલા સરકારે આજે સંસદમાં વિવિધ પક્ષોના નેતાઓની બેઠક બોલાવી છે જે એક પરંપરાગત બેઠક છે, જે દર વર્ષે બજેટ સત્ર પહેલા યોજાય છે.

### ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી લોકતંત્રને બચાવવાની અંતિમ તક

## મોદી જો ફરી વડાપ્રધાન બનશે તો દેશમાં હવે પછી કયારેય ચૂંટણી નહી યોજાય - તાનાશાહી આવી જશે : મલ્લિકાર્જુન ખડગે



નવી દિલ્હી,તા.૩૦: કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એવી આશંકા વ્યક્ત કરી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી જીતે છે તો આ દેશની આ અંતિમ ચૂંટણી હશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લોકો માટે લોકતંત્રને બચાવવાની અંતિમ તક છે.

એક રેલીને સંબોધિત કરતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'જો મોદી ફરી એક વખત ચૂંટણી જીતે છે તો દેશમાં તાનાશાહી આવી જશે.' કોંગ્રેસ અધ્યક્ષ ઓરિસ્સાના ભુવનેશ્વરમાં કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધિત કરતા હતા. કોંગ્રેસ અધ્યક્ષે લોકોને ભાજપ અને ઈજીજીથી દૂર રહેવાનો આગ્રહ કરતા આરોપ લગાવ્યો કે તે ઝેર સમાન છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લોકોને સંબોધિત કરતા કહ્યું, તમને એક વાત કહું છું, આ અંતિમ ચૂંટણી છે. જો મોદીજી ફરી આવી ગયા તો ચૂંટણી થવા નહીં દે. દેશમાં તાનાશાહી આવી જશે. માનો કે ના માનો, અમે હજુ પણ જોઈ રહ્યાં છીએ, થોડા સમય પહેલા જ અમારા એક નેતાને ત્યા લઈને ગયા, જુઓ, એક-એકને નોટિસ આપવી, ડરાવવા, ધમકાવવા, તેમની મિત્રતા નહીં છોડો તો અમે જોઈ લઈશું.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, ડરીને કોઈ મિત્રતા છોડી રહ્યું છે, કોઈ પાર્ટી છોડી રહ્યું છે, કોઈ ગઠબંધન છોડી રહ્યું છે, અરે, આટલા ડરપોક લોકો જો રહ્યાં તો શું આ દેશ બચશે ? શું આ બંધારણ બચશે ? શું આ ડેમોક્રેસી બચશે, માટે મત આપવાની આ અંતિમ તક છે, તે બાદ કોઈ મત નહીં આપે કારણ કે રશિયામાં પુતિનની જે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાય છે તેવું જ અહીં પણ થશે.

# ઝારખંડનાં મુખ્યમંત્રી હેમંત સોરેન ૪૮ કલાકથી લાપત્તા

## રાંચીમાં મુખ્યમંત્રી નિવાસ સહિત અનેક સ્થળે ઈડીનાં દરોડા



રાંચી તા. ૩૦

બિહાર બાદ ઝારખંડમાં અચાનક જ એન્ફોર્સમેન્ટ વિભાગના આકરા વલણથી પુછપરછનો સામનો કરી રહેલા ઝારખંડનાં મુખ્યમંત્રી હેમંત સોરેન ગઈકાલે દિલ્હી પહોંચ્યા બાદ અચાનક જ 'ગુમ' થઈ ગયા છે અને તેમનું ચાર્ટર્ડ વિમાન હજુ દિલ્હી એરપોર્ટ પર છે તે સમયે ઈડીએ આજે ફરી સોરેનના રાંચી નિવાસે દરોડા પાડીને તેમની બીએમડબલ્યુ કાર જપ્ત કરી છે. ઈડી હવે ૧૦માં વોરન્ટ સાથે હેમંત સોરેન તા.૩૧ જાન્યુઆરીએ રાચીમાં પુછપરછ માટે હાજર થવા માટે ઈ-મેલ મોકલ્યા છે પણ હવે ઈડી તેના માટે રાહ જોવા તૈયાર નથી અને તેથી હેમંત સોરેનની તપાસ વધુ ઝડપી બનાવી છે.

બીજી તરફ રાંચીમાં રાજકીય ગતિવિધિ તીવ્ર બની છે અને આજે ઝારખંડ મુક્તિ મોરચાના તમામ ધારાસભ્યોને બેગ સાથે રાંચી પહોંચવા જણાવ્યું છે અને સંભવ છે કે આજે વિધાનસભા પક્ષની બેઠકમાં હેમંત સોરેનના પત્ની કલ્પના સોરેનને મુખ્યમંત્રી બનાવવા માટેનો પ્રસ્તાવ પસાર કરીને ઈન્સ્ટન્ટ શપથવિધિ યોજાશે.

ઈડીની ટીમ આજે સવારે જ સોરેનના નિવાસે પહોચી હતી અને

### હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેનની મુખ્યમંત્રીપદે ઈન્સ્ટન્ટ શપથવિધિ કરાય તેવી હિલચાલ : તમામ એરપોર્ટ પર એલર્ટ અપાયું

તેમની બીએમડબલ્યુ કાર જપ્ત કરી હતી.

એરપોર્ટ સહિતના સ્થળોએ હેમંત સોરેનના સંબંધમાં એલર્ટ જાહેર કરી તેઓ વિદેશ નાસી જાય નહી તે માટે આદેશ અપાયા છે. આ સ્થિતિ વચ્ચે રાંચીમાં અનેક સ્થળોએ ઈડીના દરોડા ચાલુ છે.

સુત્રોના જણાવ્યા મુજબ હેમંત સોરેન પોતાની ધરપકડ ટાળવા માટે સડક માર્ગે દિલ્હીથી રાંચી પહોંચી છેલ્લે વિધાનસભા બેઠકમાં હાજરી આપે તેવા સંકેત છે. હેમંત સોરેન છેલ્લે દિલ્હી પહોંચ્યા હોવાની માહિતી પરથી ઈડીની ટીમે તેમના દિલ્હી નિવાસ તથા ઝારખંડ ભવન સહિતના સ્થળો પર પહેરો ગોઠવીને તેઓની ધરપકડ કરવાની તપાસ કરી હતી. દેશના કોઈ રાજયના મુખ્યમંત્રી આ રીતે ૪૮ કલાકથી 'ગુમ' રહ્યા હોય તેવી પ્રથમ ઘટના છે.

# UCC અને CAA લાગુ કરવામાં આવશે તો શું પરીવર્તન આવશે ?

નવી દિલ્હી,તા.૩૦: દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ અને નાગરિકતા સંશોધન અધિનિયમના અમલીકરણ અંગેની ચર્ચાએ જોર પકડ્યું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ સ્પષ્ટ કર્યું છે કે રાજયમાં ટૂંક સમયમાં UCC લાગુ કરવામાં આવશે. ડ્રાફટ તૈયાર છે. ૨ ફેબ્રુઆરીએ રજૂ કરી શકાશે. તે જ સમયે, ભાજપનાં નેતા અને કેન્દ્રીય મંત્રી શાંતનુ ઠાકુરે દાવો કર્યો છે કે આગામી એક સપ્તાહમાં બંગાળ સહિત દેશભરમાં CAA લાગુ કરવામાં આવશે. આ સાથે ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. જાણો, શું છે UCC અને CAA, શા માટે તે લાંબા સમયથી ચર્ચામાં હતું, તેને અત્યાર સુધી કેમ લાગુ કરવામાં આવ્યું નથી અને જો તેને લાગુ કરવામાં આવશે તો કેટલો બદલાવ આવશે.

UCC એટલે યુનિફોર્મ સિવિલ કોડ. સરળ ભાષામાં સમજીએ તો ભારતમાં રહેતા તમામ નાગરિકો માટે એક જ કાયદો હશે. પછી તે હિંદુ હોય કે મુસ્લીમ. મતલબ કે ધર્મ ભલે અલગ-અલગ હોય, પણ તેના પર એક જ કાયદો લાગુ પડશે. જેમાં ઘણો બદલાવ આવશે. એકવાર UCC લાગુ થઈ જાય, લગ્ન, બાળક દત્તક લેવા, છૂટાછેડા અને વારસાને લગતા કાયદા બધા ધર્મો માટે સમાન બની જશે. ભારત વિશ્વનો પહેલો દેશ નથી જયાં તેને લાગુ કરવાની તૈયારીઓ થઈ રહી છે. આ પહેલા અમેરિકા, ઈન્ડોનેશિયા, આયર્લેન્ડ, ઈજીપ્ત, મલેશિયા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સહિત ઘણા એવા દેશ છે જયાં તેને લાગુ કરવામાં આવ્યો છે.


સ્પે. રજબનો રોટ વ્યાજબી ભાવે મળશે
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર સાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**હેવન ઈન્ટીરીયર ફર્નિચર**
www.heavenfurniture.co.in
300+ Site complete All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
Harshal Mataria Mo. 99251 99048 99251 99002
**MAX**
Health & Beveragess
PACKED DRINKING WATER
મેક્સ હેલ્થ એન્ડ બેવરેજી
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ

**ખોડલધામ ટુર**
સ્લીપર કોચ બસ
તા. ૨૬-૦૩-૨૦૨૪ દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
**સી.સી. પડઢાવાળા**
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
CREATING YOUR SMILE
**ડો. રિતેશ એન. ચૌહાણ**
B.D.S (ડેન્ટલ સર્જન)
REG No. A-4171
**સ્મિત ડેન્ટલ કેર**
૨૦૮, રાયજીનગર શોપીંગ સેન્ટર, ઓરીએન્ટલ બેંક ઉપર, મોતીબાગ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧
સવારે ૯.૩૦ થી ૧.૦૦ - સાંજે ૪.૩૦ થી ૮.૩૦
મો. ૯૭૧૨૭ ૩૦૪૫૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

દેશી ઘાણીનું શુધ્ધ સીંગતેલ ૧૦૦% ગેરેંટીવાળુ
**ઘનશ્યામ મીની ઓઈલ મીલ**
જૂનાગઢ જીલ્લો, ગામ : પ્લાસવા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
GIR KESARI Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

# આગામી રવિવાર તા.૪ ફેબ્રુઆરીના રોજ ૧૬મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર સ્પર્ધા





## નવ રાજયના ૫૦૬ સ્પર્ધકો વચ્ચે સ્પર્ધા : તડામાર તૈયારીને આપવામાં આવી રહેલો આખરી ઓપ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ગુજરાત રાજયના રમત-ગમત અને સાંસ્કૃતિ પ્રવૃતિ વિભાગ તેમજ જૂનાગઢ જીલ્લા વહિવટી તંત્ર દ્વારા જૂનાગઢના આંગણે આગામી તા.૪ ફેબ્રુઆરી રવિવારના રોજ ૧૬મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ સ્પર્ધા યોજાનારી છે ત્યારે આ સ્પર્ધાને લઈને સ્પર્ધકોમાં ભારે ઉત્સાહ છવાયો છે અને દરેક સ્પર્ધકો જોમ અને જુસ્સાથી તૈયારીને ઓપ આપી રહ્યા છે અને વિજેતા બનવાની તૈયારી ચાલી રહી છે. આ વર્ષે અખિલ ગિરનાર સ્પર્ધામાં નવ જીલ્લા ૫૦૬ સ્પર્ધકો વિજેતા બનવા માટે દોડ લગાડશે. જેમાં ગુજરાતના ૨૦૦, બિહારના ૧૦૫, દિવના ૮૬, હરિયાણાના ૬૫ અને ઉત્તરપ્રદેશના ૨૬ સ્પર્ધકો આ સ્પર્ધામાં જોડાયેલા છે. ગિરનાર આરોહણ સ્પર્ધાની તૈયારી જોરશોરથી ચાલી રહી છે. દરમ્યાન આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, આગામી તા.૪ ફેબ્રુઆરીએ ૧૬મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે. જેમાં આ વર્ષે ગિરનાર સર કરવા દેશના ૯ રાજ્યોમાંથી ૫૦૬ સ્પર્ધકો દોડ લગાવશે. જે તમામ સ્પર્ધકોએ આગામી તા.૩ ફેબ્રુઆરીએ સિવીલ હોસ્પિટલ ખાતે મેડિકલ કરવામાં આવશે. ૧૬મી અખિલ ભારત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૨૩-૨૪ની પુર્વ તૈયારીના ભાગરૂપે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ ૦૮ સમિતીની રચના કરવામાં આવી છે. આ સ્પર્ધા માટે પસંદગી પામેલા ખેલાડીઓની યાદી ઓનલાઈન મુકી પણ દેવામાં આવી છે. આ સ્પર્ધકોના નિવાસ સહિતની વ્યવસ્થા ભવનાથ તળેટી ખાતે વિવિધ વાડીઓ રાખવામાં આવી છે. ઉપરાંત આગામી તા.૩ ફેબ્રુઆરીના રોજ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક ખેલાડીઓના સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ કરવામાં આવશે. રાષ્ટ્રીય સ્પર્ધામાં ભવનાથ તળેટીથી અંબાજી મંદિર ૫૫૦૦ પગથીયા સુધી યોજાશે. જેમાં ભારતના જુદા-જુદા રાજયોમાંથી ૫૩૨ જેટલા અરજી ફોર્મ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ ખાતે આવેલ છે. વધુમાં ગુજરાત રાજયના ૫ જુદા-જુદા સ્થળ જેવા કે ઓસમ પર્વત, ચોટીલા પર્વત, ઈડર પર્વત, પાવગઢ પર્વત અને પારનેરા પર્વત ખાતે યોજાતી આરોહણ અવરોહણ સ્પર્ધાના પ્રથમ ૧૦ વિજેતાઓ અને રાજયકક્ષા ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના પ્રથમ ૨૫ વિજેતાઓ આ સ્પર્ધામાં ભાગ લેશે. આ સ્પર્ધામાં ૯ રાજયમાંથી કુલ ૫૦૬ સ્પર્ધકો ભાગ લેશે. જેમાં ભાઈઓમાં ૩૧૫ અને બહેનોમાં ૧૮૮ ખેલાડીઓ નોંધાયા છે. સૌથીવધુ ગુજરાતમાંથી ૨૦૦, બિહારના ૧૦૫ સ્પર્ધકો, આ ઉપરાંત દિવના ૮૬, હરિયાણાના ૬૫, ઉતરપ્રદેશના ૨૬, મધ્યપ્રદેશના ૧૩, રાજસ્થાનના ૮, દમણના ૨ અને મહારાષ્ટ્રમાંથી એક સ્પર્ધકનું રજીસ્ટ્રેશન થયું છે.

દરમ્યાન ગત વર્ષે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર સ્પર્ધામાં સિનીયર ભાઈઓમાં ૫૬.૨૮ મિનીટ સાથે ગુજરાત(જૂનાગઢ)નો લાલા પરમાર, જુનીયર ભાઈઓમાં ૧.૦૦૩૧ મિનીટ સાથે હરિયાણાનો સગાર, સિનીયર બહેનોમાં ૩૧.૨૪ મિનીટ સાથે ઉત્તરપ્રદેશની તામસીસીંગ તેમજ જુનીયર બહેનોમાં ૩૮.૫૨ મિનીટ સાથે ઉત્તરપ્રદેશની રંજના યાદવનો પ્રથમ આવ્યો હતો. ગત વર્ષે ૪૦ વિજેતાઓ પૈકી ગુજરાતના ૧૭, હરિયાણાના ૧૫ અને ઉત્તરપ્રદેશના ૮ સ્પર્ધકો વિજેતા થયા હતા. અત્રે નોંધનીય છે કે, ગિરનાર સ્પર્ધામાં ૬ વર્ષથી ચેમ્પીયન બનીને આવતો જૂનાગઢનો લાલા પરમાર સામે આ વર્ષે પણ જૂનાગઢવાસીઓને નજર રહેશે. તાજેતરમાં ગત મહીને યોજાયેલી રાજયકક્ષાની સ્પર્ધામાં લાલો પરમાર પ્રથમ નંબરે આવ્યો હતો અને હવે તેની નજર રાષ્ટ્રીય સ્પર્ધા તરફ છે. તા.૪ ફેબ્રુઆરીએ લાલો પોતાનો જ રેકોર્ડ તોડે તેવી સૌની આશા છે.

# ડો. હરીભાઈ ગોધાણી કેમ્પસની દિકરીઓ દ્વારા પર્યાવરણ કાયદા અંતર્ગત ભૂમિ પ્રદુષણ નિયંત્રણમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ માટે શિબિર યોજાઈ











(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ગત તારીખ ૨૮-૧-૨૦૨૪ના રોજ જૂનાગઢની નામાંકિત સંસ્થા એવી શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, ડો. હરિભાઈ ગોધાણી કેમ્પસની દિકરીઓ દ્વારા હાલના સમયમાં માનવ જીવન સામેના પડકારો હોય તો તે પર્યાવરણનું અધ:પતન છે. પર્યાવરણની સમસ્યાએ કોઈ એક દેશની નહી પરંતુ સમગ્ર વિશ્વની છે. અને આવનારી પેઢી માટે પણ સ્વસ્થ અને નિરોગી જીવન જીવવા માટે પર્યાવરણને બચાવવું ખુબ જરૂરી છે. તો પર્યાવરણ બચાવવું એ દરેક નાગરિકની ફરજ છે. તો આ ફરજના ભાગરૂપે ડો. હરિભાઈ ગોધાણી કેમ્પસની દિકરીઓ દ્વારા જમીન પ્રદુષણને બચાવવા પ્રાકૃતિક ખેતીનો અભિગમ અપનાવવા વિસાવદર તાલુકાના છાલડા મુકામે પ્રાકૃતિક ખેતીના પ્રણેતા એવા શૈલેષભાઈ રાદડિયાના વૃંદા નેચરલ ફાર્મની મુલાકત લઈ પ્રાકૃતિક ખેતીના પાયાના ૫ આયામોની સમજણ મેળવી હતી. જયારે એવા જ ખેડૂત ખાતેદાર સંજયભાઈ હિરપરા દ્વારા માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણમાં ગીર ગાયનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ મહેશભાઈ સોજીત્રાની ગૌશાળાની મુલાકાત લીધી હતી. અને તેઓએ ગાયના ગોબર અને ગૌમુત્રના ઉપયોગથી જમીન પ્રદુષણ અટકાવવાના આયામો સમજાવ્યા હતા. આ તકે સંસ્થાના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી જે. કે. ઠેસિયાએ અભિગમ આપતા જણાવ્યું હતું કે, ભારત એ ખેતી પ્રધાન દેશ છે. દેશની મોટાભાગની વસ્તી ખેતી ઉપર નિર્ભર હોય તો આ ખેતીને પ્રદુષણ અને બંજર બનતી અટકાવવી હોય, તો આપણા દિકરા-દિકરીઓને પાયાથી જ પ્રાકૃતિક ખેતીની સમજણ શકિત કેળવાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ શિબિરને સફળ કરવા કેમ્પસના વહીવટી અધિકારી કે. પી. ગજેરા, માનસીબેન ખીચડીયા, શ્રધ્ધાબેન ઠુંમર અને તેમની ટીમ દ્વારા સફળ સંચાલન કર્યુ હતું.



# જૂનાગઢ ખાતે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર તથા જીલ્લા મિડીયા વિભાગની કાર્યશાળા યોજાઈ







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની સુચનાથી પ્રદેશ મિડિયા કન્વિનર ડો. યજ્ઞેશભાઈ દવેનાં માર્ગદર્શન મહાનગર અધ્યક્ષ પુનિતભાઈ શર્માની દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર ઝોન મિડિયા ઈન્ચાર્જ સુરેશ માંગુકીયાની વિશેષ ઉપસ્થિતીમાં જીલ્લા કાર્યાલય ખાતે મિડીયા વિભાગની કાર્યશાળા યોજાઈ હતી. જેમાં ૧૩-જૂનાગઢ લોકસભા મિડીયા વિભાગનાં સંયોજક સંજય પંડ્યા, સહ ઈન્ચાર્જ તેજસ ગોરાસીયા, જૂનાગઢ મહાનગર કન્વિનર સુરેશ પાનસુરીયા, સહકન્વિનર જીતેન્દ્ર ઠકરાર, જીલ્લા કન્વિનર ભરતભાઈ સારીયા, સહકન્વિનર નાથ ધર્મેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યશાળાની દિપ પ્રાગટય કરી શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ભરતભાઈ સારીયાએ શબ્દોથી મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ સંજય પંડ્યાએ તેમનાં વકતવ્યમાં જૂનાગઢ મહાનગરનાં નવનિયુકત મંડલનાં કન્વિનર સહકન્વિનરઓના નામોથી જાહેરાત કરી હતી અને આગામી દરેક કાર્યક્રમોની વિગતો પ્રદેશ સુધી કેમ પહોંચાડવી તેની માહીતી આપી હતી. ત્યારબાદ તેજસભાઈએ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. છેલ્લે સુરેશભાઈ માંગુકીયાએ પોતાનાં તેજાબી વકતવ્યથી મિડીયા વિભાગનાં કાર્યકરોમાં એક ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જૂનાગઢ મહાનગરનાં કન્વિનર સુરેશ પાનસુરીયાએ કર્યું હતું. કાર્યશાળામાં જૂનાગઢ મહાનગર મિડીયા વિભાગનાં કેતન નાઢા, યશ ચુડાસમા, ઉદય પંડ્યા, યજ્ઞેશ ભટ્ટ, રમેશ રાઠોડ તથા દરેક વોર્ડનાં કન્વિનર સહકન્વિનરઓ તથા દરેક મોરચાના કન્વિનર સહકન્વિનરઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગર સેવા સદન, જૂનાગઢ
સ્ટ્રીટલાઈટ શાખા
જાહેર નિવિદા નં.૧૪/ ૨૦૨૩-૨૪

જૂ.મ.ન.પા./સ્ટ્રીટલાઈટ/જા.નં.૩૦૮ તા.૨૦/૦૧/૨૦૨૪

જુનાગઢ મહાનગર સેવા સદન,સ્ટ્રીટ લાઈટ શાખા,"સ્વામી વિવેકાનંદ ભવન" આઝાદ ચોક, જુનાગઢ ફોન નં. (૦૨૮૫) ૨૬૨૪૪૫૨ ધ્વારા આ વિભાગ હેઠળની સ્ટ્રીટલાઈટ શાખા માટે **ક્રમ નંબર-૧ તથા ક્રમ નંબર-૨** માં દર્શાવેલ કામ માટે ગુજરાત રાજય સરકારશ્રીના R & B Electrical વિભાગના યોગ્ય કેટેગરીમા નોંધાયેલા અનુભવી કોન્ટ્રાકટરશ્રી, પાસેથી નીચેના કામ માટે ફકત ઓન લાઈનથી પર્સેન્ટેજ રેટથી ભાવો માગવામાં આવે છે. ઓનલાઈન ભરેલ ટેન્ડર અંગેના દસ્તાવેજો ફકત રજી. એડી./સ્પીડ પોસ્ટથી નિયત સમય મર્યાદામાં મોકલવાના રહેશે.પોસ્ટથી રવાના કરેલ દસ્તાવેજો જો મોડા મળશે તો તે અંગેની કોઈ જવાબદારી કચેરીની રહેશે નહી. ઓનલાઈન ટેન્ડર ભરવા તેમજ ભરેલ ટેન્ડરો ઓન લાઈન મુકવા સબંધી વધુ વિગત website://https://junagadh.nprocure.com ઉપર થી તા. ૩૧/૦૧/૨૦૨૪ થી જોવા મળશે અને ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. આ કામો અંગેની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે. સંપર્ક ફોન નં. (૦૨૮૫) ૨૬૨૪૪૫૨

| | |
|---|---|
| કોરા ભાવ પત્રક ડાઉન લોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા. ૧૫/૦૨/૨૦૨૪ ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રક ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તા. ૧૫/૦૨/૨૦૨૪ ૧૮-૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી.થી સબમીટ કરવાની તારીખ તથા સમય | તા. ૧૯/૦૨/૨૦૨૪ ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રકો ઓનલાઈન ખોલવાની સંભવીત તારીખ તથા સમય | તા. ૨૦/૦૨/૨૦૨૪ ૧૨-૦૦ કલાકે |

માહિતી/જૂના/૧૦૫૨/૨૦૨૪

## :: જાહેર સમન્સ ::

હાજર રહેવાનું સ્થળ
સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્ય, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ વિભાગ, રાજકોટ,
બ્લોક નં-૨, પહેલો માળ, જિલ્લા સેવા સદન-૩, સરકારી પ્રેસ રોડ, રાજકોટ- ૩૬૦૦૦૧

આથી તમો નીચે જણાવેલ શખ્સને ખબર આપવામાં આવે છે કે, શ્રી માધવ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લીમી. જૂનાગઢ તરફથી તમારી સામે સહકારી કાયદાની કલમ-૯૯(૪) હેઠળ સમરી લવાદ કેસ દાખલ કરવામાં આવેલ છે.અને વચગાળાનો મનાઈ હુકમ માંગેલ છે.આ કેસમાં રજીસ્ટર્ડ પોસ્ટથી પ્રતિવાદીઓને સમન્સ બજાવવાનો પ્રયત્ન કરવા છતાં નીચેના પ્રતિવાદીઓને સમન્સ બજેલ નથી, કે ઈરાદાપુર્વક સમન્સ બજવા દેતા નથી. તેમજ ખુબ તપાસ કરવા છતા તેમનો અન્ય પતો કે સરનામું મળી આવેલ નથી. તેથી આ જાહેર સમન્સથી નીચે જણાવેલ પ્રતિવાદીઓને જણાવવામાં આવે છે. જો બચાવ કરવા માંગતા હોય તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખતા હોય તે સાથે કે કોલમ-૫ માં જણાવેલી તારીખે સવારે ૧૧.૦૦ કલાકે તમારે જાતે આ કોર્ટમાં હાજર રહેવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી. (મજકુર શખ્સો તેમની સામે દાખલ થયેલ આ દાવાની દાવા અરજી, મનાઈ અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવાની નકલો અત્રે રૂબરૂ સંપર્ક કરી મેળવી શકશે.) જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિન ૧૦ ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે વાદી તમારી સામે દાવામાં લખેલ રકમનો વ્યાજ ખર્ચ સહિતનો એવોર્ડ મેળવવા હક્કદાર થશે. જેની નોંધ લેશો.

આજરોજ કોર્ટનું સીલ મારી સહી કરી.

વાદીઃ શ્રી માધવ કેડીટ કો-ઓપ. સોસાયટી લીમી. જૂનાગઢ

| ક્રમ ૧ | લવાદ કેસ નંબર | પ્રતિવાદી નંબર, નામ અને ગામ | વસુલવાની થતી રકમ રૂ. | હાજર રહેવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ | ૫ |
| | ૧૩/૨૦૨૪ | ૧ . મહીપતસિંહ બકુલભાઈ પરમાર રહે. જૂનાગઢ | ૫૭,૪૮૩/- | તા. ૦૮/૦૨/૨૦૨૪ |

રાજકોટ
તા. ૨૫/૦૧/૨૦૨૪

તૈયાર કરનાર
સહી : અવાચ્ય
(એમ.આર.અજુડીયા)


સરખાવનાર
સહી : અવાચ્ય
(ડી.જે. ભટ્ટ)
જુ. કલાર્ક

સહી : અવાચ્ય
(જયકાન્ત એન દવે)
સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી,
બોર્ડ ઓફ નોમીનોઝ, રાજકોટ

રાઉન્ડ સીલ

# રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે જૂનાગઢમાં જ્ઞાનબાગ ગુરૂકુળ ખાતે ધર્મજીવન વિદ્યાભવનનો શિલાન્યાસ સંપન્ન

## વિદ્યાથી મોટું કોઈ ધન નથી : સ્વામિનારાયણ ગુરૂકુળના સંતો સંસ્કાર સાથે શિક્ષણ થકી શ્રેષ્ઠ અને સંસ્કારવાન સમાજના નિર્માણનું મોટું કાર્ય કરી રહ્યા છે






જૂનાગઢ, તા.૩૦ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢમાં જ્ઞાનબાગ ગુરુકુળ પરિસરમાં ધર્મજીવન વિદ્યાભવનનો શિલાન્યાસ કર્યો હતો. શિલાન્યાસ વિધિમાં રાજ્યપાલની સાથે મહંત દેવપ્રસાદ સ્વામી સહિતના સંતો સહભાગી બન્યા હતા.

આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં રાજ્યપાલે જણાવ્યું હતું કે, દુનિયામાં વિદ્યાથી મોટું કોઈ ધન નથી. ધનની ચોરી થઈ શકે છે, પરંતુ વિદ્યા એક એવું ધન છે કે તેને કોઈ ચોરી શકતું નથી. ભાઈઓમાં ધન સંપત્તિના ભાગ પડે છે પરંતુ વિદ્યાના ભાગ પડતા નથી. બીજાને આપવાથી વિદ્યા ઘટતી નથી પરંતુ વિસ્તારવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે, અને સમાજનું કલ્યાણ થાય છે.

રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે, ભગવાન સ્વામિનારાયણે બતાવેલા માર્ગે સંતો સંસ્કાર અને શિક્ષણનું સંવર્ધન કરવાની સાથે ભાવિ પેઢી સંસ્કાર સાથે શિક્ષિત થાય અને આદર્શ નાગરિક બને તે માટે સમાજ સેવાનું મોટું કાર્ય કરી રહ્યા છે.

રાજકોટ ગુરુકુળ સંસ્થાની શિક્ષણ સેવાનો ઉલ્લેખ કરી રાજયપાલશ્રીએ દેવપ્રસાદ સ્વામી અને જ્ઞાનસ્વરૂપ સ્વામી દ્વારા શિક્ષણ માટેની સેવા અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. તેઓએ એમ પણ કહ્યું હતું કે, અધ્યાત્મ અને ભોગવાદને સંમિશ્રિત કરી જીવનની પૂર્ણતા માટે સેવાકીય કાર્ય થઈ રહ્યા છે. બીજાનું ભલું થાય, સૌનું કલ્યાણ થાય, સૌ જ્ઞાન પ્રાપ્ત કરે અને કોઈ દુઃખી ન રહે તેવા ભાવ સાથે સંતો સંસ્કારમય સમાજના નિર્માણમાં સેવાકાર્ય કરી રહ્યા છે. રાજ્યપાલે શરીર અને આત્મા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી સમસ્ત કલ્યાણ અને સેવાભાવ માટે સમર્પિત ભાવનાની અધ્યાત્મ રૂપરેખા આપી હતી.

દીકરીઓ માટે શિક્ષણની જ્યોત પ્રગટાવવામાં આવી છે તે અંગે ગુરુકુળ સંસ્થાઓની પ્રશંસા કરતા રાજ્યપાલે રાકેશભાઈ દુધાત અને ધીરૂભાઈ કોટડીયાની પ્રવૃત્તિને પણ બિરદાવી હતી.

રાજ્યપાલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં આપસમાં સહયોગ અને સંસ્કારવાન શિક્ષણ મહત્વના છે. સૌ સુખી રહે, સૌ નિરોગી રહે અને સૌ શિક્ષિત રહે તેવા ભાવ સાથે ગુરૂકુળ દ્વારા શિક્ષણકાર્ય આગળ ધપાવવામાં આવી રહ્યું છે તે અંગે રાજ્યપાલે પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરી હતી.

કન્યા ગુરૂકુળના ટ્રસ્ટી તરીકે પણ રાજ્યપાલશ્રીને આવકારાયા હતા. ગુરુકુળના સંતોએ રાજ્યપાલનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. શિક્ષણ સંસ્થા માટે દાતાઓના સેવા કાર્યને બીરદાવવામાં આવ્યું હતું. ગુરૂકુળ પરિસરમાં રાજયપાલે 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મહંત સ્વામી દેવપ્રસાદ સ્વામી, જ્ઞાનસ્વરૂપ સ્વામી, ચેરમેન દેવનંદન સ્વામી, ઘનશ્યામજીવન સ્વામી, દાતા અગ્રણીઓ લાલજીભાઈ પટેલ, રાકેશભાઈ દુધાત, પ્રફુલભાઈ માલવિયા, દીપકભાઈ- અમદાવાદ અને રમેશભાઈ કુંભાણી સહિતના અગ્રણીઓ ઉપરાંત ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, મ્યુનિસિપલ કમિશ્નર રાજેશ તન્ના, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, અધિક કલેકટર એન.એફ ચૌધરી સહિતના અધિકારીઓ અગ્રણીઓ હરિભક્તો વાલીઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢમાં એગ્રીકલ્ચર મલ્ચિંગ ફિલ્મ પ્રોડક્શન ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી




જૂનાગઢ તા.૨૯ જૂનાગઢના જીઆઈડીસી-૨ વિસ્તારમાં આવેલા પાર્થ પોલી વુવેન પ્રા.લી.ના પ્લાન્ટની રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ભરતભાઈ સીરોયાએ રાજયપાલનું સ્વાગત કર્યું હતું. રાજયપાલએ વિવિધ પ્લાન્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે મલ્ચિંગ પદ્ધતિ ઘણી ઉપયોગી બને છે. મલ્ચિંગને લીધે જમીનમાં ભેજ સચવાયેલો રહે છે તેમજ ઉપર કવર હોવાના લીધે નિંદામણ થતું નથી. પ્રાકૃતિક ખેતીમાં અળસીયા મહત્વના છે. મલ્ચિંગ પદ્ધતિમાં અળસિયાની સંખ્યા પ્રમાણમાં વધારે રહે છે. મલ્ચિંગ માટે સરકાર દ્વારા પણ સબસીડી આપવામાં આવે છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી વડાપ્રધાનના 'પરીક્ષા પે ચર્ચા'માં જૂનાગઢથી જોડાયા

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢમાં જ્ઞાનબાગ ગુરૂકુળ ખાતે વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પે ચર્ચા' નું જીવંત પ્રસારણ નિહાળ્યું





જૂનાગઢ તા.૨૯ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢમાં જ્ઞાનબાગ, ગુરુકુળના સભાખંડમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'પરીક્ષા પે ચર્ચા'નું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. ગુરૂકુળ ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પણ આ કાર્યક્રમ નિહાળી દેશના વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પરીક્ષા અંગે પૂછેલા પ્રશ્નો અંગે વડાપ્રધાને આપેલું માર્ગદર્શન સાંભળ્યું હતું. વિદ્યાર્થીઓનો પણ આત્મવિશ્વાસ તેનાથી વધ્યો હતો.

વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયાનો સંયમપૂર્ણ ઉપયોગ, બીજાની સાથે નહીં પરંતુ પોતાની જ સાથે વધુ માર્કસ લેવાની સ્પર્ધા, પોષણયુક્ત સમતોલ આહાર, વ્યાયામ, હેલ્ધી સ્પર્ધા તેમજ નિરાશાને સ્થાન નહીં આપી આત્મવિશ્વાસ અને સામર્થ્ય વધારવાની ક્ષમતા અંગે સકારાત્મક વિચારધારા સહિતનું માર્ગદર્શન ધ્યાનપૂર્વક સાંભળ્યું હતું. વિદ્યાર્થીઓને દબાણમાં આવ્યા વગર મુક્ત મને પરીક્ષા આપવાનો આત્મવિશ્વાસ કેળવવા વડાપ્રધાનશ્રીનું માર્ગદર્શન પ્રેરક બન્યું હતું.

"પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ નિહાળવાના આ પ્રસંગે ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, એસ.પી. હર્ષદ મહેતા, અધિક કલેકટર એન.એફ ચૌધરી, વિસાવદર પ્રાંત અધિકારી તેમજ શિક્ષણાધિકારી કચેરીના અધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૨૩-૨૪ માટે ૮ સમિતિની કરાયેલી રચના

## સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોનું તા.૩જી ફેબ્રુઆરીએ મેડિકલ કરાશે : ભવનાથ તળેટી ખાતેની વિવિધ વાડીઓમાં સ્પર્ધકો માટે નિવાસ સહિતની વ્યવસ્થા

જૂનાગઢ, તા.૩૦ અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ૨૦૨૩-૨૪ની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ ૦૮ સમિતીની રચના કરવામાં આવી છે. આ સ્પર્ધા માટે પસંદગી પામેલ ખેલાડીઓની યાદી **Facebook Id –Dydo Junagadh** ઉપર મૂકી પણ દેવામાં આવી છે. આ સ્પર્ધકોના નિવાસ સહિતની વ્યવસ્થા ભવનાથ તળેટી ખાતે વિવિધ વાડીઓ રાખવામાં આવી છે. ઉપરાંત આગામી તા.૩ ફેબ્રુઆરીના રોજ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક ખેલાડીઓના સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ કરવામાં આવશે. ગુજરાત રાજયના રમત-ગમત, યુવા અને સાંસ્કૃઓત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લાસ વહીવટી તંત્રના ઉપક્રમે જૂનાગઢ મુકામે ભારત ભરના યુવક અને યુવતિઓ માટેની અખિલ ભારત ગીરનાર આરોહણ - અવરોહણ સ્પરર્ધા તા.૪/૨/૨૦૨૪ના રોજ ભવનાથ તળેટીથી અંબાજી મંદીર ૫૫૦૦ પગથીયાં સુધી યોજાશે. જેમાં ભારતના જુદા-જુદા રાજયોમાંથી ૫૩૨ જેટલા અરજી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ ખાતે આવેલ છે. વધુમાં ગુજરાત રાજયના ૫ જુદા-જુદા સ્થળ જેવા કે ઓસમ પર્વત, ચોટીલા પર્વત, ઈડર પર્વત, પાવગઢ પર્વત અને પારનેરા પર્વત ખાતે યોજાતી આરોહણ અવરોહણ સ્પર્ધાના પ્રથમ ૧૦ વિજેતાઓ અને રાજયકક્ષા ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના પ્રથમ ૨૫ વિજેતાઓ આ સ્પર્ધામાં ભાગ લેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# જવાહર નવોદય વિદ્યાલય જૂનાગઢ ખાતે આવતીકાલ તા.૩૧મી જાન્યુઆરીએ ફૂટબોલ વિતરણ કાર્યક્રમ

જૂનાગઢ, તા.૩૦ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા દેશની શાળાઓમાં રમતગમતને પ્રોત્સાહન આપવા માટે ફીફા ના સહયોગથી ફૂટબોલ ફોર સ્કૂલ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત દેશભરની ૧.૫૦ લાખથી વધુ શાળાઓમાં ૧૧ લાખ જેટલા ફૂટબોલ વિતરણ કરવાનું આયોજન છે. જુનાગઢ જિલ્લામાં ૫૦થી વધુ શાળામાં ફૂટબોલનું વિતરણ કરવાની જવાબદારી જવાહર નવોદય વિદ્યાલય જૂનાગઢને આપવામાં આવી છે. આ અંતર્ગત જવાહર નવોદય વિદ્યાલય જુનાગઢ દ્વારા આગામી તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૨૪ બપોરે ૨:૩૦ કલાકે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાઓમાં બાળકો માટે ફૂટબોલ વિતરણ કરવાનો કાર્યક્રમ જવાહરલાલ જવાહર નવોદય વિદ્યાલય ખાતે યોજાશે.

# ફીફાના ફૂટબોલ ફોર સ્કૂલ્સ (F4S) પ્રોગ્રામ ગુજરાતની શાળાઓને ૧૧,૦૦૦ ફૂટબોલ મળશે

અમદાવાદ, તા.૩૦ શાળાના બાળકોમાં ફૂટબોલની રમતને મોટાપાયે પ્રોત્સાહન આપવા માટે, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) અને ફેડરેશન ઈન્ટરનેશનલ ડી ફૂટબોલ એસોસિએશન (FIFA) એ સમગ્ર ભારતમાં શાળાના વિદ્યાર્થીઓ માટે મહત્વાકાંક્ષી કાર્યક્રમ 'ફૂટબોલ ફોર સ્કૂલ્સ' (F4S)નો પ્રારંભ કર્યો છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA) વિવિધ નવોદય વિદ્યાલય સમિતિ(સમિતિઓ)ના માધ્યમથી ફૂટબોલના વિતરણ પર દેખરેખ રાખશે અને સંકલન કરશે. આ કાર્યક્રમ હેઠળ ગુજરાતના ૩૩ જિલ્લાની શાળાઓ ટૂંક સમયમાં ફૂટબોલ મેળવશે. ગુજરાતની વિવિધ નવોદય વિદ્યાલય સમિતિ (NVS)ગુજરાતમાં૧૦,૬૦૦ ફૂટબોલનું વિતરણ કરશે. ગુજરાતમાં ફૂટબોલના વિતરણનો કાર્યક્રમ NVS દ્વારા ૩૧મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ૩૩ દ્રફજી ખાતે યોજાશે. વિવિધ જિલ્લાના GSFA ના સભ્યો AIFFના પ્રતિનિધિ તરીકે વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે. અગાઉ ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ શિક્ષણ મંત્રાલય, AIFF અને FIFA વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જવાહર નવોદય વિદ્યાલયને F4S કાર્યક્રમ માટે નોડલ સંસ્થા બનાવવામાં આવી હતી. F4S એ સમગ્ર વિશ્વમાં લગભગ ૭૦૦ મિલિયન બાળકોના શિક્ષણ, વિકાસ અને સશક્તિકરણમાં યોગદાન આપવાનું લક્ષ્ય રાખ્યું છે. તે સંબંધિત સત્તાવાળાઓ અને હિતધારકો સાથે ભાગીદારીમાં, શિક્ષણ પ્રણાલીમાં ફૂટબોલ પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને છોકરાઓ અને છોકરીઓ બંને માટે ફૂટબોલને વધુ સુલભ બનાવવા માંગે છે. શિક્ષણ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલો મિનિટ ટુ મિનિટ પ્રોગ્રામ, સંપર્ક વિગતો સાથે સંબંધિત નવોદય વિદ્યાલયના સરનામાં વગેરે સંબંધિત જિલ્લા ફૂટબોલ એસોસિએશનો સુધી પહોંચાડવામાં આવ્યા છે. જેઓ GSFA/AIFFનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ રાજ્યમાં ફૂટબોલનીરમતને મજબૂત કરવાની અનિવાર્ય જરૂરિયાત વિશે ટૂંકમાં સમજાવશે. ફૂટબોલ ફોર સ્કૂલ્સ (F4S) પ્રોગ્રામનો ઉદ્દેશ જાતિગત ભેદભાવને ધ્યાનમાં લીધા વિના, વિદ્યાર્થીઓ માટે ફૂટબોલની સુલભતાને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરવાનો છે તેમજ વિવિધ ભાગીદારો સાથે મળીને શિક્ષણ પ્રણાલીમાં ફૂટબોલ સંબંધિત પ્રવૃત્તિઓને એકીકૃત રીતે સંકલિત કરવાનો છે. આ કાર્યક્રમ ગુજરાતમાં ફૂટબોલને પ્રોત્સાહન આપવા માટે એક જબરદસ્ત પ્રેરણા પૂરી પાડનાર તથા જુસ્સો વધારનારૂ પગલું સાબિત થશે.

# જૂનાગઢ : ચકચારી તોડકાંડમાં જવાબદારોને ખુલ્લા પાડી કડક કાર્યવાહી કરવા કોંગ્રેસની માંગ

જૂનાગઢ, તા.૩૦ જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતભાઈ અમીપરા તથા મહામંત્રી વી.ટી. સીડાએ ગુજરાત રાજય પોલીસ મહાનિર્દેશકને એક પત્ર પાઠવી તોડકાંડમાં જે કોઈ સંડોવાયેલા હોય તેને ખુલ્લા કરી કડક કાર્યવાહીની માંગ કરી છે.

આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, જૂનાગઢ જીલ્લામાં વધુ એક પોલીસને કલંક લાગે તેવો કિસ્સો અમુક લાંચીયા પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ તેવો પોલીસ દ્વારા તોડ કાંડનો કિસ્સો બહાર આવેલ છે. તેમાં હાલમાં જે પોલીસ કર્મચારીઓ ઉપર કાર્યવાહી થઈ છે. તે બરાબર છે. પરંતુ જીલ્લામાં જ્યારે રેન્જ આઈ.જી. અને એસ.પી. હોય, તેમ છતાય હિંમત દાખવીને આવડું મોટું કૌભાંડ કરવું અને કૌભાંડમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓને સરકારમાં બેઠેલા કોઈ મોટા માથાની સંડોવણી હોય તો જ શક્ય છે તેમ જણાવી આ તોડકાંડમાં ગુન્હાના મુળ સુધી પહોંચી તેમાં જે કોઈ મોટા માથા જવાબદાર હોય તેને ખુલ્લા પાડવા જોઈએ. વધુમાં ઉપરોક્ત ઘટના સમગ્ર પોલીસ આલમને લાંછન લાગે તેવી ઘટના છે. જે બનાવમાં ગુજરાતની જનતાનો વિશ્વાસ જીતવા અને ખરા અર્થમાં પોલીસ પ્રજાનો મિત્ર છે. તે શુત્રને સાર્થક રાખવા ઉપરોક્ત ઘટનામાં સંડોવાયેલા કોઈપણ ચમરબંધીની શેહ શરમ રાખ્યા વગર જવાબદારો સામે કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી થાય તેવી જુનાગઢ જીલ્લા કોંગ્રેસ સમીતી વતી ગુજરાતની પોલીસના હિતમાં અને જનતાના હિતમાં અમારી લાગણી અને માંગણી છે. આ કૌભાંડને ગંભીર સમજીને તાત્કાલીક ફોજદારી ગુન્હો દાખલ કરી કાર્યવાહી કરનાર જાગૃત અને ફરજ નિષ્ઠ પોલીસ અધિકારી જૂનાગઢ જીલ્લા રેન્જ આઈ.જી. અને જીલ્લા પોલીસ અધિક્ષક, જુનાગઢની કામગીરીને બિરદાવીને ગુજરાત પોલીસ દ્વારા સન્માન કરીને તેમને પુરસ્કાર આપવું જોઈએ. તેવી અમારી લાગણી અને માંગણી છે.

વધુમાં ઉપરોક્ત ઘટના જેવા બનાવોને અટકાવવા ગુજરાત પોલીસમાં જયારે પોલીસ કર્મચારી નોકરી ઉપર લાગે છે. ત્યારે તેમની મિલ્કત જાહેર કરે અને ચાલું નોકરી દરમ્યાન દર ૬-મહિને તે પોલીસ અધિકારીશ્રીની તથા તેમના પરીવારજનોની મિલ્કત/સંપતિ (પ્રોપર્ટી) જાહેર થવી જોઈએ. તેવો કડક નિયમ પોલીસ દ્વારા બનાવવામાં આવે તે પણ ગુજરાત પોલીસ હિતમાં ખુબ જ જરૂરી છે. તેવી પણ લાંગણી અને માંગણીને ધ્યાને લઈ કાર્યવાહી કરવા અને કરેલ કાર્યવાહીની જાણ અત્રેના કાર્યાલયને કરવા પણ પત્રના અંતે જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ભરતભાઈ અમીપરા અને મહામંત્રી વી.ટી.સીડાની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢની અલ્ટ્રા મોડલ સ્કુલ દ્વારા ભવ્ય રમતોત્સવ યોજાયો



જૂનાગઢ, તા.૩૦ : ખામધ્રોળ રોડ ખાતે અલ્ટ્રા મોડલ સ્કૂલ દ્વારા તા.૨૮/૧/૨૦૨૪ના રોજ બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ સાથે તેનામાં રહેલ કૌશલ્યને ઉજાગર કરવા માટે તેમના શારીરિક માનસિક તત્ત્વોને વૃદ્ધિ મળે અને વિવિધ ક્ષેત્રે આગળ વધે તે હેતુથી સંસ્થા દ્વારા ભવ્ય રમતોત્સવનું આયોજન કરીયું હતું. જેમાં સંસ્થાના સંચાલક મોલાના હબ્બીબુલ્લા મિસ્બાહી , અજીમભાઈ ટાંક, પંડ્યા, આચાર્યા નિલોફરબેનની પ્રેરક ઉપસ્થિતિમાં મુખ્ય અતિથી તરીકે પધારેલ જુનાગઢ લઘુમતી મોરચા ભાજપના પૂર્વ મહામંત્રી રેહાનખાન બાબી તેમજ અતિથિ વિશેષ તરીકે ભરતભાઈ ખૂટી, શરીફભાઈ સીડા, અમીનભાઈ નોતિયાર, હાજી અલીમહંમદ સમા, રિઝવાનખાન પઠાણ, અમીનભાઈ વિશળ, તેમજ મૌલિક સ્કૂલના શિક્ષકો હાજર રહીયા હતા અને પ્રોગ્રામના પ્રારંભે હઝરત હબ્બીબૂલા મિસ્બાહીએ રેહાનખાન બાબી તેમજ અન્ય મહેમાનોને પુષ્પ ગુચ્છ આપી આવકારીયા હતા. ત્યારબાદ ધોરણ એકથી આઠના વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધા જેવી કે લીબું ચમચી, રસા ખેંચ, દોળ, એક મિનિટ રેસ (પાણી પુરી), આલુ રેસ જેવી રમતો રમાડી રમતોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ સાથે સત્રાંત પરીક્ષા દરમિયાન પ્રથમ દ્વિતિય અને તૃતિય નંબર મેળવેલ વિદ્યાર્થીઓને તેમજ વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સંચાલકો તેમજ શિક્ષકોએ વિશેષ પ્રયત્નો હાથ ધર્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભારત પ્રજાતંત્રની જનની છે

ભારતમાં લોકશાહીનો લાંબો ઈતિહાસ છે, લોકશાહી અને લોકશાહીના સિદ્ધાંતો ભારતીય ઉપખંડ માટે નવા નથી. ભારતીય પરિપ્રેક્ષ્યમાં લોકશાહીને જોતા એમાં ધર્મ (કર્તવ્ય) ની વિભાવના ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવી છે જેમાં રાજા માટે રાજધર્મ અને પ્રજા માટે પ્રજાધર્મ નિશ્ચિત કરવામાં આવેલા જોઇ શકાય છે અર્થાત્ રાજા અને પ્રજા બંનેના કર્તવ્યો સ્પષ્ટરૂપે ચિન્હિત કરવામાં આવી છે તે. ભારતીય સંસ્કૃતિના પાયા એટલે ચાર વેદ ઋગ્વેદ, અથર્વવેદ, સામવેદ અને યજુર્વેદ. ભારતીય વૈદિકોએ એમાં રાજકીય, સામાજિક અને શૈક્ષણિક સિદ્ધાંતો સહિત વ્યાપક સભ્યતાના મૂલ્યને સમાવી લીધા છે. વિશ્વની સૌથી જૂની કૃતિઓ એવા ઋગ્વેદ અને અથર્વવેદમાં સભા, સમિતિ અને સંસદ જેવી પ્રતિનિધિ સંસ્થાઓનો ઉલ્લેખ છે જે આજે પણ એ શબ્દો એ જ અર્થમાં ઉપયોગમાં લેવાય છે. મહાન વ્યાકરણ શાસ્ત્રી પાણિની દ્વારા રચિત ’અષ્ટાધ્યાયી’ જેવા ગ્રંથો ગણ, પુગ, નિગમ, જનપદ જેવી ’લોકશાહી’ સંસ્થાઓને ઉજાગર કરે છે. લોકશાહી-આધ્યાત્મિક-સામાજિક નૈતિકતાઃ વિશ્વના સૌથી પ્રાચીન ભારતીય ગ્રંથ, ઋગ્વેદમાં ઉલ્લેખ છે કેઃ "એકમ્ સદ વિપ્રા બહુધા વદન્તિ’’ - સત્ય એક છે, ઋષિઓ તેને જુદા જુદા નામોથી કહ્યું છે. ભારત તેના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસા દ્વારા મૂળભૂત મૂલ્યોનું સંવર્ધન કરીને લોકશાહીની જનની તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા સ્થાપિત કરી છે. મહાભારત અને રામાયણ જેવા મહાકાવ્યોથી પ્રભાવિત દેશનો સમૃદ્ધ ઈતિહાસ લોકશાહી સિદ્ધાંતો અને કાયમી નૈતિક મૂલ્યોના વિકાસનું સંરક્ષણ અને સંવર્ધન કરતો આવ્યો છે. રામાયણમાં લોકોના કલ્યાણ માટે ન્યાયસંગત શાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મહાભારત, ધર્મને વ્યાખ્યાયિત કરતી વખતે નૈતિકતા અને શાસનને મહત્વ આપે છે, યુદ્ધના મેદાનમાં યુધિષ્ઠિર અને ભીષ્મનો સંવાદ આજે પણ શાસકના કર્તવ્યને સુસ્પષ્ટ રીતે પ્રતિબિંબિત કરે છે. શ્રીમદ ભગવદ ગીતા કર્તવ્યોના પાલન માટે સામાન્ય નાગરિકની સાથે શાસકને શાશ્વત માર્ગદર્શન પ્રદાન કરે છે. વર્તમાન એટલે કે આધુનિક લોકશાહીની વ્યાખ્યા કરતા કહેવાય છે કે સમાનતા એ લોકશાહીનો આત્મા છે. ભારતીય શાસ્ત્રોનો અભ્યાસ કરતા એ જણાય છે કે આજે જે ભાવનાને લોકશાહીનો આત્મા કહે છે તેને ભારતભરના તત્વચિંતકો, સંતો અને કવિઓએ અનેક વર્ષો પૂર્વે ઓળખી લીધો હતો અને સદીઓથી તેના મહત્વનો પ્રચાર પણ કર્યો. લોકોનું, લોકો દ્વારા અને લોકો થકી ચાલતુ સામૂહિક શાસન એ પ્રાચીન ભારતીય પ્રણાલીઓમાં એક મુખ્ય લક્ષણ છે જેનું જીવંત ઉદાહરણ મહાજનપદ પ્રશાસન મોડેલમાં પ્રગટ થાય છે જેમાંઃ એક પરિષદ સાથે ૧૫ મંત્રી અને ૧૦ ગણરાજ્ય જેમાં પ્રમુખ ચુંટાતા હતા. ઈ.સ. પૂર્વે ૫મી સદીમાં ગૌતમ બુદ્ધે સ્થપાયેલા બૌદ્ધ સંઘમાં લોકશાહી પ્રથાઓનું પ્રચલન દેખાય છે. બૌદ્ધ સિદ્ધાંતોએ લોકશાહી પરંપરાઓને સમર્થન આપ્યું એટલું જ નહીં નેતાઓ માટે જાહેર ચર્ચા અને ચૂંટણીઓને પણ પ્રોત્સાહન આપ્યું હોવાનું ઈતિહાસબદ્ધ છે. એક મોટા હોલમાં લોકો ભેગા મળીને એક રાજાને ચુંટતા હતા જેને ’વાશેષ્ઠ’ કહેવામાં આવતા હતા, જે લોકોના રક્ષણ માટે ’ વાશેષ્ઠ ’ તરીકે શાસન કરતા હતા. પ્રારંભમાં મહાસમ્મત્તાને ચૂંટીને સહભાગીતા શાસન અપનાવ્યું હતું. બૌદ્ધ ધર્મના લોકશાહી સિદ્ધાંતોએ અનેક શાસકોને પ્રભાવિત કર્યા અને અનેક રાજ્યોએ લોકશાહી મૂલ્યોને અપનાવ્યા પણ ખરા. આજે મળી આવતા બૌદ્ધ કાલિન શિલાલેખોમાં સમૃદ્ધિ અને પતન અટકાવવા માટે નિયમિત ચૂંટણી કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો હોવાનું દેખાય છે. બૌદ્ધ સિદ્ધાંતોએ ભારતમાં લોકશાહીના મૂલ્યોનો વ્યાપ ભારત બહાર પણ વધારવાનું ચાલુ રાખ્યું હતું. લોકશાહી શાસન પદ્ધતિને વિશ્વ સમક્ષ રજૂ કરવાનું સાતત્ય બૌદ્ધ પરંપરાએ જાળવી રાખ્યું. ઈસવીસન પૂર્વે ત્રીજી શતાબ્દીમાં થયેલા અર્થશાસ્ત્રના પિતા ગણાતા ચંદ્રગુપ્ત મૌર્યના સલાહકાર ચાણક્ય કૌટિલ્યએ પોતાના શાસન ગ્રંથ "અર્થશાસ્ત્ર"માં ભારપૂર્વક દર્શાવ્યું છે કે, લોકશાહી નાગરિકોને પ્રાધાન્ય આપે છે. ચાણક્ય ભારપૂર્વક જણાવે છે કે શાસકનું સુખ અને કલ્યાણ રાજ્યના લોકોની સુખાકારી પર આધાર રાખે છે, જે શાસન નહીં પરંતુ સેવા કરવાના ભારતના લોકશાહી સિદ્ધાંતનું પ્રતિપાદન છે. પ્રાચીન ગ્રીક ઈતિહાસકાર મેગસ્થનિસ અને ડાયોડોરસના ભારત પ્રવાસની નોંધોમાં લખાણ છે કે ભારતમાં કોઈને ગુલામ ન બનાવવા અને સૌને સમાન સ્વતંત્રતા સુનિશ્ચિત કરતી એક પ્રશંસનીય પ્રથા છે. તેમના લખાણોમાં ભારતના અનેક રાજ્યોમાં લોકશાહી શાસન પ્રણાલીનો ઉલ્લેખ જોવા મળે છે. ચીની પ્રવાસી ફાહિયાને ભારતીય લોકોએ તેને આપેલા સન્માન, કાયદાના શાસન અને સાર્વજનિક કલ્યાણના પ્રશાસનિક વિચારનું અવલોકન કર્યું છે. હિંદવી સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજે લોકશાહી શાસનની હિમાયત કરી હતી. તેમના શાસનમાં સમાન અધિકારો સુનિશ્ચિત કરીને અષ્ટ-પ્રધાન માટેની કર્તવ્યોની રૂપરેખા આપવામાં આવી હતી. છત્રપતિ શિવાજી મહારાજનો લોકશાહી વારસો તેમના અનુગામીઓ દ્વારા ચાલુ રહ્યો. ભારતીય બંધારણના આમુખના સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાવિચાર ફ્રાંસની ક્રાંતિમાંથી લેવામાં આવ્યો હોવાનું ઘણા કહેતા હોય છે જેને ભારતીય બંધારણના શિલ્પી ગણાતા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે ૩જી ઑક્ટોબર ૧૯૫૩ના દિવસે પોતાના સામાજિક દર્શનને ત્રણ શબ્દોમાં વ્યક્ત કરતા સ્પષ્ટપણે નકારી દઈને તે વિચાર ભારતીય હોવાનું પ્રતિપાદિત કરતા કહ્યું હતું કે, સકારાત્મક રૂપે મારું સામાજીક દર્શન ત્રણ શબ્દોમાં નિહિત છે, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા પરંતુ કોઇ એ ન કહે કે મેં મારું દર્શન ફ્રાંસની ક્રાંતિમાંથી લીધું છે, મારા દર્શનના મૂળ રાજનીતિ શાસ્ત્રમાં નથી ધર્મમાં છે. મેં તે મારા ગુરૂ બુદ્ધના ઉપદેશમાંથી પ્રાપ્ત કર્યા છે. સમગ્રતયા જોતા લાગે છે કે પ્રજાતંત્ર, લોકશાહી, ગણતંત્રના મૂળ ભારતમાં છે, ભારત ગણતંત્ર, લોકશાહી, પ્રજાતંત્રની જનની છે.

# કેશોદ બ્રહ્મસમાજ દ્વારા સમુહ લગ્ન અને સમુહ યજ્ઞોપવિત ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો



(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૩૦

કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભુદેવ પરિવારના સમુહ લગ્ન અને સમુહ યજ્ઞોપવિતનું ભવ્ય આયોજન કર્યુ હતું. જેમાં બાર બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરી હતી ત્યારે નવ યુગલોએ પ્રભુતામાં પગલાં માડયા હતાં. ઉપરાંત સમસ્ત બ્રહ્મસમાજની બ્રહ્મ ચોર્યાસીમાં કેશોદ શહેરમાં વસતાં સૌ ભુદેવોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમૂહ લગ્ન એટલે એક જ સમયે અને એક જ સ્થળે એક કરતાં વધુ યુગલનાં લગ્નનું સામુહિક આયોજન સમસ્ત બ્રહ્મસમાજ કેશોદ દ્વારા કરવામાં આવ્યું હતું. આજના યુગમાં લગ્ન પ્રસંગ ઘણો ખર્ચાળ બને છે અને ખોટી દેખાદેખી પાછળ આર્થિક ભીંસ વધતી જાય છે. દિવસેને દિવસે મોંઘવારી પણ વધતી જાય છે, તેથી આ સમયમાં સમૂહ લગ્નએ આશિર્વાદ સમાન હોય છે. હિન્દુ ધર્મમાં ૧૬ સંસ્કારોનું ખૂબ જ મહત્વ માનવામાં આવે છે, તેમાંથી એક છે જ્ઞોપવિત સંસ્કાર કે જેને ઉપનયન સંસ્કાર પણ કહેવાય છે. જનોઈ ત્રણ દોરાવાળું એક સૂત્ર હોય છે. જેને સંસ્કૃત ભાષામાં ‘યજ્ઞોપવીત’ કહેવામાં આવે છે. કેશોદ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ચાંદીગઢના પાટિયા નજીક આર. કે. જીનીંગ મીલ પ્લોટમાં સમુહ લગ્ન અને સમુહ યજ્ઞોપવિત સંસ્કાર અને બ્રહ્મચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સામાજીક અને ધાર્મીક કાર્યમાં ૯ નવદંપતિએ પ્રભુતમાં પગલાં માંડ્યાં હતાં. જયારે ૧૨ બટુકને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વર વધુ લગ્ન વીધીમાં મંડપ રોપણ, ગણપતિ સ્થાપન, મામેરા, પીઠી, દાંડિયારાસ, જાન સામૈયા, હસ્ત મેળાપ અને યજ્ઞોપવિત સંસ્કારમાં કાશીયાત્રા, જનોઈ ધારણ કરવા ધાર્મીક વીધીઓ કરવામાં આવી હતી. દાત્તાઓ દ્વારા તમામ દિકરીઓને ભેટ સ્વરૂપે વિશાળ જીવનજરૂરી વસ્તુઓનો કરિયાવર આપવામાં આવ્યું હતો. પુષ્ટિમાર્ગીય ભાગવતાચાર્ય ઉતમભાઈ સારસ્વત દ્વારા વિધિ વિધાન મુજબ શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરાવી હતી. આ કાર્ય પ્રસંગે બ્રહ્મચોર્યાસી યોજવામાં આવતાં તમામ ભૂદેવ ભાઈઓ બહેનોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ પસંગની પૂર્વતૈયારીથી લઈ પ્રસંગ પૂર્ણ થાય ત્યાં સુધી કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ ટ્રસ્ટી મંડળ, સમસ્ત બ્રહ્મસમાજ, યુવા પાંખ, મહિલા મંડળ, બ્રહ્મ સર્વિસ સોશ્યલ ફોરમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજના નિમંત્રણને માન આપી સામાજિક રાજકીય ક્ષેત્રના આગેવાનો અને હોદેદારો ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે પંચાળાના ભગવાન સ્વામિનારાયણ મંદિરના ઘનશ્યામચરણદાસજી હાજર રહી નવદંપતિ અને યજ્ઞોપવિતમાં જોડાનાર બટુકને આર્શીવર્ચન આપ્યાં હતાં. સમસ્ત બ્રહ્મસમાજ પ્રમુખ રાજુભાઇ પંડયાએ વર અને કન્યાપક્ષ, દાત્તાઓ, મહેમાનો, કાર્યકરો સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો. કેશોદના પ્રસિદ્ધ ઉદઘોષક ડો. ભુપેન્દ્રભાઈ જોષી અને જીતુભાઈ ધોળકિયા વિપુલભાઈ ભટ્ટએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

# ખાખી જ ખાખીની પકડથી બહાર : ઉના તોડ કાંડ પ્રકરણમાં આરોપીઓ ફરાર

## બેરોકટોક પણે વિદેશી દારૂ, દેશી દારૂના ભઠ્ઠા, જુગાર, ખનીજ ચોરી, અસામાજીક પ્રવૃતિઓ ખુલ્લેઆમ એક લાખની વસ્તીમાં ભારે ડર કોઈ બોલી શકતું નથી : પુજાભાઈ વંશ



(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૩૦

ઉના તોડ કાંડમાં પીઆઈ, એએસઆઈ સામે એસીબીએ ગુનો નોંધલ હોય તેના ૨૫ દિવસ બાદ પણ આરોપીઓ ફરાર છે. તેને કોઈ ગોતી શકતું નથી અડધી રાત્રે પણ ગમે તેવા ગુનોગારને શોધી નાખનાર પોલીસ ઘુમટો ટાળીને બેઠી છે. આ વિસ્તારમાં બેરોકટોક પણે વિદેશી દારૂ, દેશી દારૂના ભઠ્ઠાઓ, ખનીજ ચોરી, અસામાજીક પ્રવૃતી ખુલ્લેઆમ થાય છે. એક લાખની પ્રજા કંઈ બોલી શકતી નથી. જન પ્રતિનીધી નબળી પ્રવૃતીનો હોય મુખ્ય સુત્રધાર ભાગીદાર હોવાનો ખુલ્લેઆમ આક્ષેપ કરેલ હતો. ઉના વિસ્તારના કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય પુજાભાઈ વંશ પત્રકારોન જણાવેલ હતું કે, અહેમદપુર માંડવી પાસે તોડકાંડ થયેલ હતો. તેમાં નિલેષ ગૌસ્વામી, એ.એસ.આઈ નિલેષ મૈયા સામે તા.૪-૧ના રોજ એસીબીએ ફરીયાદ નોંધેલ હતી. જેને ૨૫ દિવસ વીતી જવા છતાં પોલીસ આરોપીઓ ફરાર છે તેવો ખુલ્લઆમ આક્ષેપ કરેલ હતો. ગુજરાત સરકાર ગૃહમંત્રાલયને કંલકીત કરનાર ઘટનામાં કોનું રક્ષણ હતું, કોણ કોણ સાથે હતા, આટલી મોટી ઘટનાની ગીર-સોમનાથ જીલ્લાની પોલીસની બાંન્ચો કે અધિકારીઓને કેમ ખબર નહી હોય, પોલીસે પગારદાર માણસ પાસે ઉઘરાણા કરાવતો હોય, તેની જાણ કોઈને ન હોય તે માન્યમાં આવતું નથી. ગૃહમંત્રી, એસપીને રજુઆત કરેલ કે પીઆઈ જે છે તે નબળી વિકૃત માનસીકતા ધરાવે છે, હદ બહાર પ્રવૃતી ચલાવે છે, અસામાજીક તત્વોને ખુરશી ઉપશ બેસાડી મહેમાનગતી કરે છે. જયારે સારા સજ્જન માણસોને નાગા કરીને બેફામ માર મારે છે. દરક પ્રવૃતી ખુલ્લેઆમ થાય છે. દીવની ૪૦ હજારની વસ્તી છે પાંચ લાખ લીટર વિદેશીદારૂ કયાં જાય છે. આ વિસ્તારમાં હજુ પણ ખુલ્લેઆમ બેરોકટોક પણ વિદેશીદારૂ, દેશીદારૂના ભઠ્ઠાઓ, જુગાર, ખાણખનીજની ચોરી, અસામાજીક પ્રવૃતીઓ થઈ રહી છે, હજુ તોડકાંડ ચાલુ છે. ૨૫ દિવસથી પીઆઈ, એએસઆઈ ફરાર હોય તેને કોને બચાવેલ છે. અત્યાર સુધી નાસતા ફરે છે તેનો કોનો સાથ છે. ખુલ્લઆમ આક્ષેપ કરેલ હતો કે જન પ્રતિનીધી નબળી પ્રવૃતિનો હોય મુખ્ય સત્રધાર હોય ભાગીદાર પણ હોય જેથી આ વિસ્તારની સ્થિતી કાબુ બહાર ગઈ છે. પીઆઈ, એએસઆઈ તેમજ પોલીસ સ્ટેશનના તેના રાઈટરો, ડીસ્ટાફ તમામના મોબાઈલની ડીટેઈલો કઠાવી તપાસ કરવી જોઈએ. એક લાખની પ્રજા કંઈ બોલી શકતી નથી ભયનો માહોલ છે અને ભાજપના આગેવાનો પણ ડરી રહ્યા છે. આ વિસ્તારની હાલત હકુમત પીકચર જેવી છે. રક્ષક ખુબ ભક્ષક બનલ છે. ખુલ્લેઆમ સાથગાઠ છે. બન્ને આરોપીઓ ડીસમીસ કરવા જોઈએ. ગુજરાતમાં અનેક જગ્યાએ તોડકાંડ સહિત અનેક બનાવો બની રહ્યા છે. રાજય સરકારનો કોઈ કંટ્રોલ નથી. ભુતકાળમાં વિધાનસભામાં તેમજ લોકદરબારમાં પણ ખુલ્લઆમ કહેલ છે કે વિદશી દારૂ ગીર સોમનાથ જીલ્લામાં બેફામપણે વેંચાય છે. દેશીદારૂના ભઠ્ઠાઓ મોટી સંખ્યામાં છે. હજારોની સંખ્યામાં વેંચનાર છે. આ વિસ્તારની પરિસ્થિતિ ખુબ જ ખતરનાક થઈ રહી છે. જેમ જૂનાગઢ સ્પેશયલ બ્રાંન્ચ રચના કરવામાં આવી છે તે રીતે રચના કરી મોટા પાયે સાફ સફાયો કરવો જોઈએ તેવી માંગ કરેલ છે.

# દ્વારકા ગુગુળી બ્રાહ્મણ જ્ઞાતિના બાળકો, બાળાઓ તેમજ બહેનોને યોગ ક્ષેત્રમાં ત્રણ-ત્રણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવ્યા સન્માન પત્ર







(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૩૦

દ્વારકાધીશ જગત મંદિરમા સેવા પૂજા તેમજ યજમાનવૃતિ કરનાર શ્રી ગુગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારકાના બાળકો, બાળાઓ, બહેનોને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ(રાજ્ય કક્ષાની સંસ્થા), એન.એ.પી એસ તેમજ એસ. વ્યાસા યુનિવર્સિટી બેંગ્લોર નેશનલ કક્ષાની સંસ્થાઓ દ્વારા ગત વર્ષે કરેલા યોગક્ષેત્રના કાર્યક્રમોમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ગત વર્ષે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત સમર યોગાસન કેમ્પ ૨૧ મેથી ૩૦ મે સુધી દ્વારકાની ડી.એન.પી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં જ્ઞાતિના ૩૫ જેટલા બાળકો તેમજ બાળાઓએ ભાગ લીધો હતો. એન.એ.પી.એસ નેશનલ યોગાસન સંસ્થા રાજસ્થાન દ્વારા આયોજિત વર્લ્ડ રેકોર્ડ બુક ઓફ સૂર્ય નમસ્કાર અને બેસ્ટ પર્ફોમન્સ યોગાસન ઈન વન મિનિટ વિડિયોમાં જ્ઞાતિના બહેનો સહિત ૩૪ જેટલા વ્યક્તિઓએ ભાગ લીધો હતો. ૨૯ ડિસેમ્બર ૨૦૨૩થી ૧લી જાન્યુઆરી ૨૦૨૪ સુધી બેંગ્લોરની એસ.વ્યાસા યુનિવર્સિટી ખાતે ઓલમ્પિયાર્ડ નેશનલ યોગાસના ચેમ્પિયનશિપમાં જ્ઞાતિના બાળકો સહિત ૯ સભ્યોએ ભાગ લીધો હતો. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓનું જ્ઞાતિના ડાયેસ પરથી ઉપરોક્ત સંસ્થાઓના અધિકારીઓ દ્વારા બ્રહ્મપુરી નંબર ૧ ખાતે પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રાહ્મણ જ્ઞાતિ કારોબારી સમિતિ મધ્યસ્થ સભા તેમજ સલાહકાર સમિતિના સદસ્યો ઉપરાંત મહિલા મંડળના સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર ઝોન યોગ કોર્ડીનેટર પ્રીતિબેન શુકલ, દ્વારકા જિલ્લા યોગ કોર્ડીનેટર ધનાભા જડિયા, એન.એ.પી.એસ રાષ્ટ્રીય અધ્યક્ષ નરેશકુમાર સૈનિ, ઓલમ્પિયાર્ડ નેશનલ યોગાસન ચેમ્પિયનશિપ નેશનલ કોચ દિવ્યેશભાઈ રંઘોલીયા અને લખનભાઈ વારોતરિયાએ જ્ઞાતિને શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દ્વારકા વિસ્તારમાં યોગ ક્ષેત્રનો પ્રચાર અને પ્રસાર કરવામાં જ્ઞાતિ સહકારી સંસ્થા તરીકે કામગીરી અવિરત કરી રહી છે. ઉપરોક્ત કાર્યક્રમની વ્યવસ્થા ગુગુળી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરવામાં આવી જેમાં શિક્ષણ મંત્રી અજીતભાઈ પાઢ, સામાજિક કાર્યકર સન્નીભાઈ પુરોહિતની ભૂમિકા મહત્વની રહી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે ભાગવતનો આશ્રય કરે છે તે નિર્ભય બને છે.
- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૪ મહાત્મા ગાંધી નિર્વાણ દિન તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૭, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર, અતિગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૪, સૂ.અ.૬:૩૫
આજનો દિવસ ૮:૫૪ ક.થી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃષભ:વડીલવર્ગની પ્રીતિ પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
મિથુન:રચનાત્મક કાર્યમાં સફળતા મળે. આરોગ્ય સાવચેતી રાખવી
કર્કઃ નાણાંભીડ હળવી બને. મહત્વના કાર્યમાં સફળતા મળે.
સિંહઃ વિલંબથી કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
કન્યાઃ પ્રિયજનથી વિરહ રહે. સંપત્તિને લગાત કાર્યોનો ઉકેલ મળે.
તુલાઃ નોકરીયાતને ઉપરી અધિકારીથી લાભ રોકાયેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક:ધંધાકીય કાર્યમાં લાભ મેળવી શકશો. પ્રવાસમાં લાભ થાય.
ધનઃ ખર્ચનો પ્રસંગ બને. ધંધાકીય કાર્યમાં વિઘ્ન આવે.
મકરઃ વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. મનમાં મૂંઝવણ અનુભવાય.
કુંભઃ આકસ્મીક પ્રવાસનો લાભ મળે. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીનઃ નાણાંભીડ તીવ્ર બને. કાર્યબોજ હળવો બને.

# મારવાડી યુનિવર્સિટી ખાતે પ્રજાસત્તાક પર્વની થયેલ ઉજવણી

(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ તા.૩૦

ભારતીય ગણતંત્ર દિવસની ઉજવણી ઉત્સાહભેર મારવાડી યુનિવર્સિટીમાં કરવામાં આવી હતી. જેના ભાગરૂપે જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે મારવાડી યુનિવર્સિટીના પ્રો-વાઈઝ ચાન્સેલર ડો. રાજેન્દ્રસિંહ જાડેજા, રજીસ્ટ્રાર નરેશ જાડેજા તથા ટ્રસ્ટી ધ્રુવ મારવાડી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તમામ ડીન્સ ડિરેક્ટર ફેકલ્ટીસ અને તેમના પરિવારજનો ઉલ્લાસ ભેર જોડાયા હતા.

ગણતંત્ર દિવસના કાર્યક્રમના ભાગરૂપે એનસીસી વિદ્યાર્થીઓ દ્વારા પરેડનું ઉમદા પ્રદર્શન કરેલ હતું. ઉપસ્થિત સૌએ દેશભક્તિના લાગણી સાથે રાષ્ટ્રધ્વજને ફરકાવતાની પળને નિહાળી અને સાથે સાથે દેશને સમર્પિત ગીતો, નૃત્ય તથા કવિતાઓનો પણ આનંદ માણ્યો. મુખ્ય આકર્ષણમાં મારવાડી યુનિવર્સિટીના રોબોટિક્સ કલબના વિદ્યાર્થીઓએ નિર્માણ કરેલ ડ્રોન દ્વારા ભારતીય તિરંગાને લહેરાવવામાં આવ્યો અને એની સાથે ડ્રોન દ્વારા જ પુષ્પ વર્ષા પણ કરાય હતી. આ દ્રશ્ય ખૂબ જ આહલાદક બની ગયું હતું. તદુપરાંત મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડી તથા રાજેન્દ્રસિંહ જાડેજાના વરદ હસ્તે છેલ્લા ૧૨ વર્ષથી સતત સેવા અને ઉમદા કાર્ય કરતા મારવાડી યુનિવર્સિટીના સ્ટાફ મેમ્બરને એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા.

# રાજકોટવાસીઓમાં અંગદાન જાગૃતિ : વધુ બે પરમાર્થીઓના પી.ડી.યુ. હોસ્પિટલને મળ્યા ત્વચા દાન

(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ તા.૩૦

રાજકોટ જિલ્લામાં હાલ લોકોમાં અંગદાન અંગે ખૂબ જાગૃતિ જોવા મળી રહી છે. જેમાં હવે લોકોમાં ત્વચાદાન એટલે કે સ્કીન ડોનેશન અંગે પણ વધુ જાગૃત બની રહ્યા છે. ત્યારે પીડીયુ હોસ્પિટલ રાજકોટને વધુ બે લોકોના સ્કીન ડોનેશન મળ્યા છે. રાજકોટના સ્વ.નવીનચંદ્ર પી. દેસાઈ તથા સ્વ. હિતેશભાઈ એન. સિંદ્રોજાના તા.૧૩ તથા ૨૫-૧-૨૦૨૪ના રોજ અવસાન પામ્યા હતા. આ બંને મૃતકોના પરિવાર દ્વારા તેમના અંગદાન કરવા નિર્ણય લેવામાં આવ્યા હતા. પરિવારે બંને લોકોની ત્વચા દાન કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્કિન ડોનેશનથી મેજર બર્ન્સના દર્દીઓની ઝડપથી રિકવરી થશે તથા ટ્રોમા દર્દીઓને બાયોલોજીકલ ડ્રેસીંગ માટે પણ આ ત્વચાનો ઉપયોગ કરી શકાશે. રાજકોટવાસીઓમાં અંગદાન, રક્તદાન સાથે સાથે હવે ત્વચા દાનમાં પણ ખુબ સકારાત્મક પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. લોકોમાં આ અંગે આવતી જાગૃતી ખૂબ જ સરાહનીય છે. પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટના તબીબી અધિક્ષક ડો. આર.એસ.ત્રિવેદી અને પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટનાં પ્લાસ્ટીક સર્જરી વિભાગના વડા ડો. મોનાલી માકડીયા, સ્કીન ડોનેશન જેવા ઉમદા કાર્ય માટે લોકો સજાગ થાય તે માટે હંમેશા પ્રત્યનશીલ છે તેમ તબીબી અધિક્ષક, પી.ડી.યુ હોસ્પિટલ રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની હાજરીમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને આચાર્ય સંવર્ગોની રાજ્ય કારોબારી બેઠક

## ગુજરાત રાજ્યના ૮૩૫થી વધુ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ ખાતે સંપન્ન થઈ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જુના શિક્ષકની ભરતીના નિયમ સુધાર સમિતિ, એચ.ટાટના બદલીના નિયમો તથા અન્ય પ્રશ્નોનો ઉકેલ પારિવારિક ભાવથી થાય છે અને થશે એવું જણાવી માન મંત્રીએ જણાવ્યું કે આ સંગઠન દ્વારા વ્યક્તિ નિર્માણ તથા ચરિત્ર નિર્માણ ભાર મુકાયો છે આ વિષય ઉપર સંગઠનનું કાર્ય સરાહનાને પાત્ર છે. ગ્રાન્ટેડ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ આચાર્ય સંવર્ગના જિલ્લાના ૮૩૫થી વધુ પદાધિકારી તથા પ્રતિનિધિઓની હાજરીમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ સાંપ્રત પ્રવાહો, જુના શિક્ષકની ભરતીના નિયમો બદલવા સમિતિ સમક્ષ શિક્ષકોને પડતી તકલીફ અંગે અભિપ્રાયો જાણવા, સંગઠનાત્મક બાબતો, કર્તવ્ય બોધ કાર્યક્રમની સમિક્ષા,રાષ્ટ્રહિત, શિક્ષણહિત, વિદ્યાર્થીહિત તથા અન્ય બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. આ રાજ્ય કારોબારી બેઠકમાં ઉલ્લેખનીય કહી શકાય એવી માતૃશક્તિની ૩૦૦થી વધુની ઉપસ્થિત રહી હતી. રાજ્ય કારોબારી બેઠકમાં સાંપ્રત પ્રવાહો ઉપર માર્ગદર્શન આપવા શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. વ્યક્તિ નિર્માણ તથા ચરિત્ર નિર્માણ ઉપર ભાર મુકતા મંત્રીએ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘને પરિવાર તરીકે ગણાવ્યું હતું. શિક્ષક વિદ્યાર્થી તથા શિક્ષણની ચિંતા કરે, સરકાર પારિવારિક ભાવથી શિક્ષકની ચિંતા કરશે. ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના જુના શિક્ષકની ભરતીના નિયમોમાં સુધારની સમિતિ, ફિક્સ પગારના કર્મચારીઓને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની માંગ અનુસાર મૂળ તારીખથી તફાવત સાથે ૩૦ ટકા પગારનો વધારો, પરિણામ આધારિત ગ્રાન્ટ રદ કરવી, આચાર્યને એક ઈજાફાની વિસંગતતા દૂર કરવી, એ.બી.આર.એસ.એમ.ની માંગ અનુસાર વર્ગ વધારાની પ્રક્રિયાનું સરળીકરણ, ડ્રોપ ડાઉન રેશિયો ઘટાડી ધોરણ ૧૦ તથા ૧૨માં પરિણામ સુધારણા, ધોરણ ૯ તથા ૧૧ની વર્તમાન વર્ષની સરાસરી ઘટાડવી, વર્ષો પછી આચાર્યની ખાલી જગ્યા ઉપર ૧૬૦૦ જેટલી ભરતી જેવા અનેક નિર્ણયો લઈ સરકાર નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિને પૂર્ણતઃ અમલ કરવા આગળ જઈ રહી છે. આગામી દિવસમાં ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના જુના શિક્ષકની ભરતીના નિયમોના સુધાર માટે સરકાર સકારાત્મક છે, માતૃશક્તિના પ્રશ્નોથી પણ વાકેફ છે પ્રસુતિ ની રજા ઓ ને સળંગ ગણવા બાબત અંગે યોગ્ય થશે તથા રજૂઆત કરવામાં આવેલ તમામ પ્રશ્નો ઉપર સંયુક્ત રીતે આગળ વધશે, ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોને ૩૦૦ રજાઓનું રોકડ રૂપાંતરનો પ્રશ્ન ટૂંક સમયમાં જ હલ થશે. પરિણામ આધારિત ગ્રાન્ટની જગ્યાએ નવી ગ્રાન્ટ નીતિમાં પણ સંગઠનના સૂચનો સાથે આગળ વધવા નિર્દેશ કર્યો હતો. સંગઠન દ્વારા રજુ કરવામાં આવતા પ્રશ્નો પ્રત્યેક સપ્તાહે અધિકારીઓ તથા સંબંધિત મંત્રીઓ સાથે ચર્ચા કરી ઉકેલ લાવવા **ABRSM** સંગઠનની સક્રિયતાને તેઓએ બિરદાવી હતી. અન્ય વિભાગોમાં ચાલતી ફાઈલ તેમજ મુખ્યમંત્રી તેમજ કેન્દ્ર કક્ષાના વિષયોમાં પણ દરેક ફાઈલ પાછળ સંગઠનનું ફોલો આપ તથા અપડેટ એ સંગઠનની સકારાત્મક બાબત છે. એચ.ટાટના નિયમો ખૂબ જ ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે આવી જાહેરાત પણ શિક્ષણ મંત્રી દ્વારા કરવામાં આવી હતી. પ્રાથમિક સંવર્ગમાં માતૃશક્તિની માતૃત્વ રજાઓની માહિતી નિયામક કચેરી દ્વારા મંગાવી ડેટાબેઝ મળતા તે અંગે પણ આગામી દિવસોમાં કાર્યવાહી થશે, તેવી બાહેધરી આપેલ. આગામી દિવસોમાં માનગઢ ખાતે યોજાનાર શિક્ષણ ચિંતન શિબિરમાં સંગઠનના પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા માટે પણ મંત્રી દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અખિલ ભારતીય માધ્યમિક સંવર્ગ ઉપાધ્યક્ષ માનનીય મોહનજી પુરોહિત, અખિલ ભારતીય પ્રાથમિક સંવર્ગ સચિવ તથા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ, સંગઠનમંત્રી સરદારસિંહ મછાર, મહિલા ઉપાધ્યક્ષ પલ્લવીબેન પટેલ, આચાર્ય સંવર્ગ સંગઠનમંત્રી રમેશભાઈ ચૌધરી, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ(કમિટી સભ્ય), માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ રાજેન્દ્રસિંહ રાઉલજી, માધ્યમિક સંવર્ગ મહામંત્રી જીતેન્દ્રભાઈ ઠાકર ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ સહ સંગઠનમંત્રી તથા જુના શિક્ષકની ભરતી શિક્ષકોના સંયોજક વિરાજભાઈ સરવૈયા, માતૃશક્તિ સંયોજક મીરાબેન સાદરીયા, રાજ્ય મહિલા ઉપાધ્યક્ષ પલ્લવીબેન પટેલ, અતિરિક્ત મહામંત્રી પરેશભાઈ પટેલ સહિત વિવિધ સંવર્ગના પ્રાંત અધિકારી, વિવિધ જિલ્લા એકમના પદાધિકારીઓ, જુના શિક્ષકની ભરતી સમિતિ સમક્ષ સંગઠનના માધ્યમથી રજૂઆત કરાવવાના મુદ્દા આપવા આવતા કાર્યકર્તાઓ ભગિની બંધુઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. જુના શિક્ષકની ભરતીના નિયમોમાં સુધાર કરવા સમિતિની રચના, આ અગાઉ સરકાર દ્વારા ઉકેલવામાં આવેલ પ્રશ્નો તથા સરકારને ગ્રાન્ટેડ શાળાઓના ફિક્સ પગારના શિક્ષક કર્મચારીઓને તફાવત સહિત ફિક્સ પગારનો વધારો આપવાનો આભાર પ્રસ્તાવ પણ આ બેઠકમાં પસાર કરવામાં આવ્યો. માધ્યમિક સંવર્ગોના અન્ય પડતર પ્રશ્નો સહિત ઓલ્ડ પેન્શન યોજના અંગે કારોબારીમાં ચર્ચા કરી બજેટની જોગવાઈઓનો અભ્યાસ કરી આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે અને આગામી આંદોલન અંગે નિર્ણય થશે કારોબારીના મહત્વપૂર્ણ પદાધિકારી અધિકારીઓ દ્વારા આગામી નાણાંકીય બજેટમાં ઓલ્ડ પેન્શન યોજના અંગે જાહેરાત થાય તે માટે માંગ કરી હતી, જેનું સરકારમાં પુનઃ સ્મરણ કરાવવાનું ઠરાવવામાં આવ્યું હતું. સંગઠનના પદાધિકારીઓ આગામી દિવસોમાં નાણામંત્રી તથા મુખ્યમંત્રીને આ બાબતે મળશે તેમ રાષ્ટ્રીય શૈક્ષીક મહા સંઘ ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ ડો. જીતુભાઈ ખુમાણની યાદીમાં જણાવાયું છે.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં ડો.બાબા સાહેબ આંબેડકર અને સંસ્કૃત વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩૦

તારીખ ૨૯-૧-૨૦૨૪ના રોજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એસ.સી/એસ.ટી સેલ અને સામાજિક ઉત્કર્ષ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકર અને સંસ્કૃત - આ વિષય ઉપર વિશિષ્ટ વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાન્ત કુમાર સેનાપતિ તેમજ અતિથિ વિશેષ તરીકે કુલસચિવ ડો. દશરથ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ નગરમાંથી ઝવેરીભાઈ ઠકરારજી, ડો. વધાસીયા, લખમણ સોલંકીજી, શ્રી વાળા ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ મુખ્ય વકતા તરીકે કટાર લેખક અને પત્રકાર સભ્ય, પ્રંધાનમંત્રી મ્યુઝીયમ એન્ડ લાયબ્રેરી, ભારત સરકારના કિશોરભાઈ મકવાણાજીએ ડો. બાબા સાહેબ આંબેડકર અને સંસ્કૃત આ વિષય ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એસ.સી/એસ.ટી સેલાના અધ્યક્ષ કિરણભાઈ ડામોર અને સામાજિક ઉત્કર્ષ ફાઉન્ડેશનના અધ્યક્ષાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિલીપ ત્રિવેદીએ કર્યું હતું.

# ૩૮ વર્ષ બાદ અમદાવાદમાં ફરી દોડશે ડબલ ડેકર બસ




અમદાવાદ, તા.૩૦

૩૮ વર્ષ બાદ અમદાવાદમાં ફરી દોડશે ડબલ ડેકર બસ. આ માટે અમદાવાદ કોર્પોરેશને અંદાજે ૫ કરોડના ખર્ચે ૭ ડબલ ડેકર ઈલેક્ટ્રિક એસી બસ ખરીદવાનું નક્કી કર્યું છે. આ બસ ફેબ્રુઆરીના અંત સુધીમાં શહેરના રસ્તાઓ ઉપર દોડતી નજર આવશે. અગાઉ ૧૯૮૫માં ડબલડેકર બસ એએમટીએસના કાફલામાંથી દૂર કરવામાં આવી હતી. ડબલ ડેકર બસ ખરીદવા માટે **AMC**એ ટેંડર પણ બહાર પાડ્યા છે. કોંટ્રાક્ટરોએ ૧ ફેબ્રુઆરી સુધીમાં ટેંડર ભરવાનું રહેશે. ૬ ફેબ્રુઆરી સુધીમાં પહેલી બસ અને ૨૮ ફેબ્રુઆરી સુધીમાં તમામ બસ સપ્લાય કરવાની શરત મૂકવામાં આવી છે. ડબલ ડેકર બસ કયા રૂટ ઉપર દોડાવાશે તેની જાહેરાત એએમટીએસના બજેટમાં થવાની શક્યતા છે. ડબલ ડેકર બસમાં ૬૦થી ૬૫ પેસેન્જરની કેપિસીટી હશે. શહેરમાં અગાઉ લાલ દરવાજા, પાલડી, આશ્રમ રોડ, કોટ વિસ્તાર સહિતના વિસ્તારોમાં ડબલ ડેકર બસ દોડતી હતી. નોંધનીય છે કે, વિદેશની જેમ અમદાવાદમાં પણ ડબલ ડેકર બસો દોડતી જોવા મળશે. હકિકતમાં એએમસી અમદાવાદમાં આ બસો દોડવવાની યોજના બનાવી રહી છે. **AMTS** માટે આગામી સમયમાં ૨૫ ડબલ ડેકર બસ વસાવવામાં આવશે. પ્રયોગાત્મક ધોરણે અમદાવાદમા રિંગ રોડ ઉપર ચકાસણી કરવામાં આવશે. આ ઉપરાંત ૧૦ જેટલી ૧૮ આર્ટિકયુલેટેડ બસ વસાવવામાં આવશે. વિદેશમાં ચાલતી બસ ૧૮ મીટર લાંબી હોવાથી શહેરના માર્ગો ઉપર ચકાસણી કરવામાં આવશે.

# પરિણીતાના ન્યૂડ ફોટો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર પ્રેમી સામે ગુનો

સુરત, તા.૩૦

પુણા વિસ્તારમાં રહેતી પરિણીતાને અગાઉ સરથાણા વિસ્તારમાં રહેતા યુવક સાથે પ્રેમ સંબંધ હતો. જો કે બાદમાં યુવકની પત્ની પરત આવી જતા બંને વચ્ચે અણબનાવ થયા હતા અને સંબંધો ઘટી ગયા હતા. પરંતુ ત્યારબાદ યુવકે પરિણીતાને મળવા માટે બોલાવી હતી પરંતુ પરિણીતાએ મળવાની ના પાડી દેતા યુવકે પરિણીતાને અને તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં પરંતુ યુવકે પોતાની પાસે રહેલા પરિણીતાના ન્યૂડ ફોટો અને વીડિયો સોશિયલ મીડિયામાં અપલોડ કરી તેને બદનામ કરી હતી. જેથી ભોગ બનનાર પરિણીતાએ પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બદનક્ષીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરથાણા વિસ્તારમાં શ્યામધામ સોસાયટી વિભાગ-ઉમા આવેલ શ્યામસુંદર એપાર્ટમેન્ટમાં રહેતો દિનેશ રામજી સેંજલિયા અગાઉ પુણા વિસ્તારમાં રહેતી એક પરિણીતાના પ્રેમ સંબંધમાં હતો. બંને વચ્ચે અવારનવાર વાતચીત થયા બાદ બંને અવારનવાર મુલાકાત પણ કરતા હતા. આ દરમ્યાન દિનેશની પત્ની ઘરે પરત આવી જતા દિનેશે પરિણીતાને ફોન કરવાનું ઓછું કરી દીધું હતું અને બંને વચ્ચે વાતચીત પણ ઓછી થઈ ગઈ હતી. પરંતુ ત્યારબાદ પણ દિનેશે પરિણીતાને અમુકવાર ફોન કરી માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખ્યું હતું. આ દરમ્યાન તા.૨૮/૭/૨૦૨૩ના રોજ દિનેશે પરિણીતાને ફોન કરી મળવા માટે બોલાવી હતી. પરંતુ પરિણીતાએ મળવાની ના પાડી દેતા દિનેશે તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તા.૧૯/૧૧/૨૦૨૩ના રોજ ફરીથી દિનેશે પરિણીતાને ફોન કરી એલ ફેલ ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ દિનેશે ગત તા.૧૫/૧/૨૦૨૪થી ૧૮/૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પોતાની પાસે રહેલા પરિણીતાના ન્યૂડ ફોટો અને વીડિયો સ્ક્રીનશોટ પરિણીતાના ટેલિગ્રામ આઈડીમાં મોકલી તથા પોતાના વ્હોટ્સઅપ સ્ટેટસમાં મૂકી તેને બદનામ કરી હતી. આખરે આ મામલે પરિણીતાએ સઘળી હકીકત પતિને જણાવ્યા બાદ તેઓએ પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દિનેશ સેંજલિયા સામે બદનક્ષીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાહત દરે ઘૂંટણ અને થાપાના સાંધાની તમામ પ્રકારની તકલીફોની સારવારનો નિદાન કેમ્પ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩૦

ઘૂંટણ અને થાપાના સાંધાની તમામ પ્રકારની તકલીફોની સારવાર માટેનિદાન કેમ્પરાહત દરે (ટોકનદરે)શિવ હોસ્પિટલ, મહાપૂજાધામ ચોક, ૧૫૦ ફીટ રિંગ રોડ, રાજકોટ ખાતે તારીખ ૪ફેબ્રુઆરી ૨૦૨૪ રવિવારના રોજ રાખેલ છે. આ કેમ્પમાં રાજકોટના વૈશ્વિક અનુભવ પ્રાપ્ત કરેલ અને ખ્યાતનામ ડોક્ટરો, જેમ કે ડો. કે.પી. તરાવીયા (સીનીયર ઓર્થોપેડિક સર્જન), ડો. હિરેન કોઠારી (સીનીયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન), ડો. ભાવેશ સચદે (સીનીયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન) અને ડો. નીલ ગોહિલ (આર્થોસ્કોપી અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન) તેમની અમુલ્ય સેવાઓ આપશે. આ ઘૂંટણ અને થાપાના સાંધાની તમામ પ્રકારની તકલીફોની સારવારનો નિદાન કેમ્પમાં ઘૂંટણ અને થાપાના સાંધાના દુઃખાવાની તકલીફ, ટોટલની (Knee) રીપ્લેસમેન્ટ, ટોટલ હિપ રીપ્લેસમેન્ટ, બદલાવેલ સાંધામાં થતા ફ્રેક્ચર, ઘૂંટણ અને થાપાના સાંધાના ઘસારાની તકલીફ, રીવીઝનની (Knee) રીપ્લેસમેન્ટ, રીવીઝન હિપ રીપ્લેસમેન્ટ, સાંધો બચાવવાના ઓપરેશનવગેરેની તપાસ રાહતદરે(રૂા.૧૦૦માં) કરી આપવામાં આવશે. સાથે હાડકાની ઘનતાની તપાસ ફ્રીમાં કરીઆપવામાં આવશે. આ કેમ્પ માટે ખાસ ઓફરમાં ઘૂંટણનો સાંધો બદલાવવાનું ઓપરેશન ફક્ત રૂા.૧,૨૩,૪૫૬ (શરતોને આધીન) માંસ્ટ્રાયકર કંપનીના ઈમ્પોર્ટેડ જોઈન્ટ સાથે સંપૂર્ણ પેકેજમાં કરી આપવામાં આવશે. આ કેમ્પ માટે નામ ફોન નં.૯૮૭ ૫૧૩ ૮૮૨૪ ઉપર નોંધાવવું ફરજીયાત છે તેવું શિવ હોસ્પિટલની યાદીમાં જણાવેલ છે.

# ભવનાથ : બિમારીથી કંટાળી ઝેરી દવા પી લેતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ભવનાથ વિસ્તારમાં રાજકોટના એક આધેડે ઝેરી દવા પી લઈ જીવનનો અંત આણ્યાનો બનાવ બનેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, કેશુભાઈ રવજીભાઈ રાઠોડ રહે.અલ્કાપુરી-૫, રૈયા રોડ, રાજકોટ, ગામ રૈયા-૧, તા.રાજકોટ વાળાને શ્વાસની, મગની તકલીફ તથા હૃદયની તકલીફ હતી અને તમામ બિમારીઓની દવા ચાલતી હોય અને આ બિમારીથી કંટાળી શરીરથી પણ થાકી ગયેલ હોય જેથી પોતાની જાતે ઝેરી દવા પીલેતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ બનાવ જીલ્લા પંચાયત ગ્રાઉન્ડ, આરામગૃહ પાસે બનવા પામેલ હતો. ભવનાથ પોલીસને જાણ થતા ભવનાથ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈઝરાયેલના પૂર્વ વડાપ્રધાને યુદ્ધનો અંત લાવવા અને ચૂંટણી કરાવવાનું આહ્‌વાન કર્યુ

(એજન્સી) તા.૩૦

ઈઝરાયેલના પૂર્વ વડાપ્રધાન એહુદ બરાકે હમાસ સાથેના યુદ્ધનો અંત લાવવા અને તાત્કાલિક ચૂંટણીનું આહ્‌વાન કર્યું છે. દેશના સૌથી સન્માનિત સૈનિકોમાંના એક ગણાતા બરાકે જણાવ્યું કે, જો બેન્જામિન નેતાન્યાહુ હમાસને સમાપ્ત કરવા ઈચ્છે છે તો આગામી વર્ષોમાં દેશ પોતાને 'ગાઝા કાદવમાં ડૂબેલો' શોધી શકે છે. ૮૧ વર્ષીય વ્યક્તિ કહે છે કે, નેતાન્યાહુએ નિવૃત્ત થવું જોઈએ. તેઓ દાવો કરે છે કે, નેતાન્યાહુએ ૭ ઓકટોબરે હમાસના ઓચિંતા હુમલા પછી પદ છોડવું જોઈએ, જેમાં તેઓએ ૧૨૦૦ લોકોની હત્યા કરી અને ડઝનેક વધુને બંધક બનાવ્યા છે.

# મોટાભાગના કિશોરો શાળાએ તો જાય છે, પરંતુ માત્ર થોડા જ તેમની માતૃભાષામાં સરળતાથી લખાણ વાંચી શકે છે : સર્વે

નવી દિલ્હી, તા.૩૦

તાજેતરના વાર્ષિક સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ **(ASER)** સર્વે બહાર પાડવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ૮૬ ટકા કરતાં વધુ ૧૪થી ૧૮ની વયના કિશોરો શૈક્ષણિક સંસ્થામાં તો નોંધાયેલા છે પરંતુ બાળકોમાંથી ૨૫ ટકા વિદ્યાર્થીઓ એવા છે કે જે, વર્ગ-૨ સ્તરનું લખાણ તેમની પ્રાદેશિક ભાષાઓમાં સરળતાથી વાંચી શકતા નથી. જ્યારે અડધાથી વધુ વિદ્યાર્થીઓ, ભાગાકાર (૩-અંક બાય ૧-અંક)ની સમસ્યાઓ સાથે સંઘર્ષ કરે છે, માત્ર ૪૩.૩% વિદ્યાર્થીઓ જ આવી સમસ્યાઓ યોગ્ય રીતે કરી ઉકેલી શકે છે. સામાન્ય રીતે આ કૌશલ્ય ત્રીજા ચોથા ધોરણમાં ભણતાં વિદ્યાર્થીઓમાં હોય છે.

૨૦૨૩ 'બિયોન્ડ બેઝિક્સ' સર્વેક્ષણ, પ્રથમ ફાઉન્ડેશનની આગેવાની હેઠળ જે શિક્ષણ-કેન્દ્રિત બિન-નફાકારક, તે એ.એસ.ઈ.આર.એ ૨૬ રાજ્યોના ૨૮ જિલ્લાઓમાં, ૧૪-૧૮ વર્ષની વય જૂથના કુલ ૩૪,૭૪૫ યુવાનોને આવરીને સર્વેક્ષણ હાથ ધર્યું હતું. સર્વેક્ષણમાં સ્માર્ટફોન એક્સેસમાં તો મોટો ઉછાળો જોવા મળ્યો, જેમાં ૮૯% યુવાન પુરૂષો અને સ્ત્રીઓ બંને તેમના ઘરે સ્માર્ટફોન ધરાવે છે. જો કે, સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૪૩.૭ ટકા પુરૂષોની સરખામણીમાં માત્ર ૧૯.૮ ટકા સ્ત્રીઓ જ સ્માર્ટફોનનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતી હતી.

"સર્વેક્ષણના સપ્તાહ દરમ્યાન લગભગ ૮૦% યુવાનોએ તેમના સ્માર્ટફોનનો ઉપયોગ ફક્ત તેમના મનોરંજન-સંબંધિત પ્રવૃત્તિ કરવા માટે કરે છે, જેમ કે મૂવી જોવા અથવા સંગીત સાંભળવા," તે જણાવે છે. આ વખતે તો, વિદ્યાર્થીઓ સૌથી વધુ કઈ કોર્સ સ્ટ્રીમ પસંદ કરે છે તેના ઉપર પણ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. તેમાં જાણવા મળ્યું કે ૧૪-૧૮ વર્ષના અડધાથી વધુ વિદ્યાર્થીઓ માનવતાની સ્ટ્રીમ પસંદ કરે છે, ત્યારબાદ વિજ્ઞાન અને વાણિજ્ય આવે છે.

જો કે એવું માનવામાં આવતું હતું કે કોવિડ-૧૯ ઘણાને ખાસ કરીને મોટા વિદ્યાર્થીઓને શાળા છોડવા તરફ દોરી જશે, તે સાચું હોવાનું જાણવા મળ્યું નથી. "કોવિડ દરમિયાન એક મોટી ચિંતા એ હતી કે આજીવિકા જોખમમાં હોવાથી, મોટા બાળકો શાળા છોડી દેશે પણ ચિંતા ખોટી હોવાનું બહાર આવ્યું" સર્વેક્ષણ કે જે ગ્રામીણ ભારતમાં બાળકોના શાળાકીય શિક્ષણ અને શિક્ષણની સ્થિતિનો સ્નેપશોટ પૂરો પાડે છે. શાળા બહારના બાળકો અને યુવાનોનું પ્રમાણ બિનસાંપ્રદાયિક રીતે ઘટી રહ્યું છે, જેનું નેતૃત્વ માધ્યમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવ્યું છે, તે ઉમેરે છે. વધુને વધુ યુવાનોએ ૨૦૧૭માં ૮૧%ની સરખામણીએ ૮૪% વિદ્યાર્થીઓએ ધોરણ આઠ કે તેથી વધુ વર્ષનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું છે. નોંધાયેલા વિદ્યાર્થીઓમાં, ખાનગી સંસ્થાઓની સરખામણીએ સરકારી સંસ્થાઓમાં વધુ ટકાવારી છે અને ૧૬-૧૭ વર્ષની વયના વિધ્યાર્થીઓમાં પુરૂષો કરતાં સ્ત્રીઓનું ઊંચું પ્રમાણ નોંધાયેલ છે.

ગયા વર્ષના અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે, ૬ થી ૧૪ વર્ષની વયના વિદ્યાર્થીઓનું નોંધણી સ્તર ૨૦૧૦માં ૯૬.૬ ટકાથી ૨૦૧૪માં ૯૬.૭ ટકા અને ૨૦૧૮માં ૯૭.૨ ટકાથી વધીને ૨૦૨૨માં ૯૮.૪ થઈ ગયું હતું. ૧૪ વર્ષની વયના લોકો માટે નોંધણી ન કરાયેલ યુવાનોની ટકાવારી ૩.૯ ટકા છે અને ૧૮ વર્ષની વયના લોકો માટે ૩૨.૬ ટકા છે. જો કે, તેમાં કહેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓની પાયાની સાક્ષરતા અને સંખ્યાના કૌશલ્યો **(FLN)**માં કોઈ નોંધપાત્ર ફેરફાર થયો નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૧૭માં ૧૪-૧૮ વર્ષની વયના ૭૬.૬ ટકા લોકો ગ્રેડ ૨-લેવલનું ટેક્સ્ટ વાંચી શકતા હતા, જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા ઘટીને ૭૩.૬ ટકા થઈ ગઈ હતી.

અંકગણિતમાં, ૨૦૧૭માં, ૩૯.૫ ટકા યુવાનો સુપરફિસિયલ (ગ્રેડ ૩-૪ સ્તર) ડિવિઝન સમસ્યા હલ કરી શકે છે, જ્યારે ૨૦૨૩માં આ પ્રમાણ વધીને ૪૩.૩% થઈ ગયું છે. "અડધાથી વધુ એટલે કે ૫૭.૩% વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં વાક્યો વાંચી શકે છે. અને જે વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં વાક્યો વાંચી શકે છે, તેમાંથી લગભગ ત્રણ ચતુર્થાંશ એટલે કે, ૭૩.૫% વિદ્યાર્થીઓ તેમના અર્થ કહી શકે છે,"

# દરરોજ પાંચ ગાયત્રી મંત્રોના જાપ કરજો, અગિયારશ કરજો તો દાંમ્પત્ય જીવનમાં દુઃખ નહિ આવે : જયદેવ જોશી

## જૂનાગઢમાં શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજ દ્વારા ૪૧માં સમૂહલગ્ન,યજ્ઞોપવિત સંસ્કાર યોજાયા






જૂનાગઢ, તા.૩૦ દરરોજ પાંચ ગાયત્રી મંત્ર બોલજો અને અગિયારશ કરજો તો દાંપત્ય જીવનમાં ક્યારેય દુઃખ નહિ આવે તેમ સમૂહ લગ્નોત્સવ નવ દંપતીઓને આશીર્વાદ આપવા સાથે જયદેવ જોશીએ સફળ દાંપત્ય જીવનનું રહસ્ય પણ સમજાવ્યું હતું. જૂનાગઢના બીલખા રોડ સ્થીત શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજની વાડીમાં જ્ઞાતિજનો માટેનો ૪૧મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૪ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા હતા. જયારે ૧૧ બટુકોએ યજ્ઞો પવિત સંસ્કાર ધારણ કર્યા હતા. કાર્યક્રમમાં દાતાઓ તરફથી વર કન્યાઓને કરિયાવર અને બટુકોને ચાંદીના સિક્કા અપાયા હતાં. ચામપરડાના મહંત સુબોધાનંદજી મહારાજ, જટાશંકર મહાદેવ મંદિરના મહંત પૂર્ણાનંદજી મહારાજે વર કન્યા અને બટુકોને કૂમકુમ તિલક કર્યું હતું.સાથે હર હર મહાદેવ હર અને પરશુરામ ભગવાનની જયના નાદ ગુંજી ઉઠ્યા હતા. કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધનમાં જયદેવ જોશીએ જણાવ્યું હતું કે ૩૫ વર્ષ પછી બાર એસોસિયેશનના પ્રમુખ તરીકે એક ભૂદેવને સ્થાન મળ્યું છે જે તમામ ભૂદેવોના આશીર્વાદનું ફળ છે. બાકી નરેન્દ્ર મોદી સાથે બેસનારાઓ એ પૂરી તાકાત લગાવી હતી કે હું હારી જાઉં. પણ ભૂદેવોના આશીર્વાદના કારણે હું જીત્યો છું. સફળ દાંપત્ય જીવનને સફળ બનાવવાનું રહસ્ય સમજાવતા કહ્યું હતું કે પ્રભુતામાં પગલાં પાડનારા દંપતીઓ જો દરરોજ પાંચ વખત ગાયત્રી મંત્ર બોલે અને અગિયારશ કરશે તો ક્યારેય દુઃખ નહિ આવે. જયારે શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજના મંત્રી મહેશભાઈ જોષીએ જણાવ્યું હતું કે, પરશુરામ ધામ બની રહ્યું છે જેનું કામ લગભગ બે વર્ષમાં પૂરૂ થઈ જશે એમ જયદેવ જોશીએ જણાવ્યું છે તો આપણે વચન આપીએ છીયે કે ૨૦૨૬ના સમૂહ લગ્નોત્સવનું આયોજન પરશુરામ ધામમાં કરીશું. જયારે પ્રમુખ પ્રફુલ જોશીએ જણાવ્યું હતું કે સતત ૪૧ માં વર્ષે સમૂહ લગ્નોત્સવનું આયોજન કર્યું છે.આવા કાર્યોથી જ્ઞાતિની એકતા વધે છે. જયારે આરતીબેન જોશીએ જણાયું હતું કે સ્ટેજ પર બેસનારા જેટલા સન્માનને હકદાર છે એટલાજ સન્માનને લાયક એ પણ છે જે ચોકડીમાં વાસણ સાફ કરવા સહિતની અન્ય કામગીરીમાં જોડાયા છે. જેને કારણે આવા આયોજનો સફળ થાય છે. આ તકે તેમણે પોતાની કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી વિકાસ કર્યો માટે ૫૦,૦૦૦ આપવાની જાહેરાત કરી હતી. નરેન્દ્રભાઈ જોશી (દાતાર સેવક બટુક બાપુ તરીકે જાણીતા )ના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં હસુભાઈ જોશી, કે. ડી. પંડ્યા, નિવૃત્ત ડીવાયએસપી સુભાષ રાવલ, મેહુલભાઈ ઉપાધ્યાય, મુકેશ મહેતા, હસુભાઈ જોશી, આરતીબેન જોશી, આદ્યાશક્તિબેન મજમુદાર, ગાયત્રીબેન જોશી, મનીષાબેન દવે, જયદેવ જોશી, પ્રફુલ જોશી, મહેશભાઈ જોશી, કમલેશ ઠાકર, વગેરે બ્રહ્મ અગ્રણીઓની ઉપસ્થિતિ રહી હતી.

# સોમનાથ-વેરાવળ રેલ્વે સલાહકાર સમિતિની મીટીંગ વેરાવળ રેલ્વે સ્ટેશન ખાતે મળી

## પ્રવાસીઓની દુવિધાઓ દુર કરવા સુવિધાઓ આપવા માંગણી કરાઈ




વેરાવળ તા. ૩૦ વેસ્ટર્ન રેલ્વે સલાહકાર સમિતિના સભ્યો અને રેલ્વેના અધિકારી સાથેની એક મીટીંગ વેરાવળ રેલ્વે સ્ટેશન ખાતે મુખ્ય સ્ટેશન માસ્તર મહાપાત્રના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. જેમાં રેલ્વે સ્ટેશન પોલીસ અધિકારી અવિનાશ પાંડે સહિત જુદા જુદા વિભાગના લોકોએ મીટીંગમાં ભાગ લીધો હતો. જેમાં પાંચમાંથી ત્રણ સભ્યો મુકેશ ચોલેરા, લાલચંદ પરશુરામ, ગજેન્દ્ર ગોસ્વામી ઉપસ્થિત રહયા હતા. સર્વે સભ્યો વતી મુકેશ ચોલેરાએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, વેરાવળથી બાન્દ્રા જતી ૨૨ કોચની ટ્રેનમાં જનરલ ડબ્બોફકત આગળ જ રહે છે. જે પાછળ અને વચમાં રહેવો જોઈએ તો જ યાત્રિકોને તેનો સાચો લાભ મળી શકે. આ ઉપરાંત લાંબા રૂટની ટ્રેનો શરૂ કરવા માંગણી કરેલ હતી જેમાં હરીદ્વાર, વંદેમાતરમ્, ભૂજ, અયોધ્યા તદઉપરાંત હાલ રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેન જે બંધ છે તે તાત્કાલીક નોકરીયાતો-વિદ્યાર્થીઓ અને વેરાવળથી રાજકોટ દવાખાનાના કામે જતા દર્દીઓના અનુકુળ સમયે શરૂ કરવાની જરૂર છે. વિશેષમાં વેરાવળ રેલ્વે સ્ટેશન બહાર સીસીટીવી કેમેરા લગાડવા અનુરોધ કરાયો અને હાલ વેરાવળ રેલ્વે સ્ટેશનનું રીડેવલોપમેન્ટ કામ ચાલતું હોય અને પેસેન્જરોની આવક-જાવકમાં માત્ર એક જ રસ્તો હોય પાર્કિંગની મુશ્કેલીને કારણે વાહનચાલકોએ પોલીસના દંડનો ભોગ બનવું પડે છે. માટે નગરપાલિકાનો તાત્કાલીક સંપર્ક કરી બીજો રસ્તો ખોલી આપવા સક્રિય પ્રયાસ હાથ ધરવો જોઈએ. દરમ્યાન ગરીબ માણસો માટે આ કામકાજ ચાલે છે તે દરમ્યાન ભારે રકમનો દંડ ન કરતા પ્રથમ માર્ગદર્શન અને સારો વર્તાવ રાખી પરિસ્થિતી સમજાવે તેવી વિનંતી કરી સાથો સાથ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાય તેવી પણ માંગ કરી છે. વેરાવળ રેલ્વે સ્ટેશન ઉપર પ્લેટફોર્મ નંબર-૨ અને ૩ ઉપરથી પ્લેટફોર્મ નંબર-૧ ઉપર જવા આદ્રી સાઈડમાં ઓવરબ્રીજ, લીફટ તથા એકસેલીટર કરવું જરૂરી છે. આ ન હોવાથી યાત્રિકોને અંદાજે એક કિલોમીટર ચાલીને સામાનનો બોજ ઉંચકીને જવું પડે છે.

રેલ્વે અધિકારીએ આ તમામ માંગણીઓની નોંધ લઈ વડી કચેરીએ મોકલી આપેલ છે. રેલ્વે પોલીસે થયેલા સુચનનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. જયારે રેલ્વે સ્ટેશનમાંથી બહાર નીકળવાના બીજા દરવાજા માટે રેલ્વે તંત્ર તરફથી તા.૧૬-૧૨-૨૩ અને ૨૭-૧-૨૨ ના રોજ વેરાવળ નગરપાલિકાને સુચીત દરવાજો કાઢવાના સ્થળે પાણીના પાઈપોનો ઢગલો અને દબાણો છે જે હટાવી વાહન-વ્યવહાર, પેસેન્જર અવર-જવર માટે તાકીદે કામ કરે તે અંગે પત્રો લખાયેલ છે જેનો અમલ જરૂરી છે. કેટલીક મોટાભાગની માંગણીઓ એકનો એકજ રહે છે. રજુઆતોનું કંઈ નકકર પરિણામની લોકો આશા રાખી રહયા છે.

## પ્રજાસત્તાક પર્વની પુર્વ સંધ્યાયે શ્રી સમસ્ત ખાંટ રાજપુત સમાજનું ગૌરવ

# ભાવેશભાઈ દેવધરીયાનું રાજ્યપાલના હસ્તે સન્માન કરાયું



જૂનાગઢ, તા.૩૦ ૭૫ મુ પ્રજાસત્તાક પર્વ રાજ્ય મહોત્સવ, ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ની પુર્વ સંધ્યાએ એગ્રીકલ્ચર કેમ્પસમાં જૂનાગઢ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૦ હજાર થી વધારે જન મેદની વચ્ચે યોજયેલ સન્માનિત મહાનુભાવો માં છેલ્લા ૩૫ વર્ષથી સાંસ્કૃતિક ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર શ્રી સમસ્ત ખાંટ રાજપુત સમાજનાં ભાવેશભાઈ (ઉર્ફે ભગવાનજીભાઈ જીણાભાઈ. દેવધરીયાનું આ તકે ગુજરાત રાજયના રજયપાલ આચાર્ય દેવવ્રત, તથા મુખ્યમંત્રી ભુપન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે સન્માન કરવામાં અવેલ હતું ભાવેશભાઈ દેવધરીયા બહાઉદ્દીન સાયન્સ કોલેજમાં ફરજ બજાવે છે. ત્યાં પણ છેલ્લે ૨૦ વર્ષથી વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક (નાટક) ક્ષેત્રે માર્ગદર્શન આપેલ છે તેના આ માર્ગદર્શન મુજબ વિદ્યાર્થીઓ નેશનલ લેવલે-રાજય લેવલે તેમજ યુનિવર્સિટી લેવલે વિજેતા થયેલા છે., આ ઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકા ઝોન૭ માં સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં કન્વીનર ની પણ સેવા આપે છે તેઓ એ પણ મુક અભીનય-એક પાત્રીય અભીનય-નાટકો માંપણ અનેક પુરસ્કરો મેળવેલ છે. આવી સાંસ્કૃતિક ક્ષેત્રે ઉજ્જળ પ્રતિભા ધરાવતા ભાવેશભાઈ દેવધરીયાને શ્રી સમસ્ત ખાંટ રાાજપુત સમાજ કેળવણી વિકાસ મંડળ તમામ હોદેદારો-સભ્યઓ તેમાં સમાજના વડીલો, ભાઈ-બહેનો એ ખુબ ખુબ અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આગળ વધો તેવી શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# જૂનાગઢ સંધી મુસ્લીમ યુવા સમાજ દ્વારા ૭૫ માં પ્રજાસત્તાક પર્વની ધ્વજવંદન સાથે ઉજવણી કરાઈ




જૂનાગઢ તા. ૩૦ સમગ્ર દેશમાં તા.૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. અને જૂનાગઢ ખાતે રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વ રાજયના મહામહીમ રાજયપાલશ્રી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની હાજરીમાં વિશાળ કાર્યક્રમ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે જૂનાગઢ સંધી સુન્ની મુસ્લીમ યુવા સમાજ દ્વારા ખામધ્રોળ રોડ ખાતે આવેલ અલઅકશા રેસીડેન્સીના ગ્રાઉન્ડ ખાતે નીચલા દાતારના મુન્નાબાપુ અને યુવા એડવોકેટ જીશાનભાઈ હાલેપોત્રાના હસ્તે સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનોની હાજરીમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હાજર રહેલા આગેવાનોમાં સમાજવાદી માર્કસવાદી પક્ષના બટુકભાઈ મકવાણા, કોર્પોરેટર રઝાકભાઈ હાલા અને પુર્વ કોર્પોરેટર અદ્રેમાન પંજા, ડો.દોલકીયા, મહિલા અગ્રણી નાઝીમાબેન હાલા, હાજીભાઈ ઠેબા, કોંગ્રેસના જીલ્લા મહામંત્રી વી.ટી. સીડા અને પ્રમુખ અમીનભાઈ સીડાએ પોતાના ટુંકા વકતવ્યો આપી આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી કોમી અને રાષ્ટ્રીય એકતાની જરૂરીયાતોની સમાજમાં જાગૃતિની લહેર માટેના પ્રયત્નોની હિમાયત કરી એકબીજાને શુભેચ્છાઓ અને અભિનંદન અને આભારની લાગણી વ્યકત કરી પર્વની રાષ્ટ્રગાન સાથે દેશ ભક્તિના ગીતો સાથે ઉજવણી કરેલ હતી.

આ રાષ્ટ્રીય પર્વમાં એડવોકેટ બસીર સાંધ, અશરફભાઈ સીડા, હુસેનભાઈ સીડા, ડો.મોઈનભાઈ સીડા, ડો.કાશીફભાઈ નારેજા, ડો.ઈમરાન હીંગોરા, એનસીસીના પુર્વ કમાન્ડર આસીભાઈ, સમીરભાઈ સમા, સલતાનભાઈ ખેભર, પ્રફુલભાઈ કાલરીયા, સોહેલ સીદીકી, હબીબુલ્લાહ મિસ્બાહી, આરીફભાઈ સીડા, રઈશભાઈ સીડા, રફીકભાઈ સીડા, સિનીયર પત્રકાર એસ.આઈ. ખુખારી, સીડા સમાજના પ્રમુખ હાજી સુલેમાનભાઈ, અલ્તાફભાઈ સીડા વગેરે આગેવાનો, મહિલાઓ તથા બાળકો પણ ઉપસ્થિત રહયા હતા.

# નોકરી છોડીને કૂતરા ફરાવવાનું કામ કરવા લાગી છોકરી

નવી દિલ્હી, તા.૩૦ ઘણી વખત વ્યક્તિ પોતાના શોખને વ્યવસાય બનાવી લે છે. તમારા મનનું કામ કરવા માટે પગાર મેળવવાથી વધુ સારું બીજું કંઈ ન હોઈ શકે. કોઈપણ રીતે, તમને જે પણ કામ કરવાનું મન થાય છે, તમે તેને રમત સમજીને કરો છો અને તમારું હૃદય તેનાથી ક્યારેય સંતુષ્ટ થતું નથી. એક છોકરીએ આવી નોકરી પસંદ કરી છે, જેનાથી તે ઘણાં પૈસા પણ કમાઈ રહી છે. છોકરીએ કોફી શોપમાં નોકરી છોડી દીધી અને લોકોના કૂતરાઓને ફરાવવા લાગી. તેનો દાવો છે કે અહીં તેના કામના કલાકો ઓછા છે અને તેને પહેલા કરતા ઘણા વધુ પૈસા મળી રહ્યા છે. આ છોકરીનું નામ ગ્રેસ બટરી છે, જેની ઉંમર ૨૮ વર્ષ છે. અગાઉ, ગ્રેસ કોફી કાફેમાં કોફી બનાવતી હતી, તેણે તેને છોડી દીધી અને કૂતરાઓને ફરાવવાનું કામ શરુ કરી દીધું. ગ્રેસ બટરી રિસ્તા કોફી કાફેમાં કોફી બનાવતી હતી, જેમાં ઘણી મહેનત કરવી પડતી હતી પરંતુ તે મુજબ કમાણી ઓછી હતી. જ્યારે પણ તેને તેના કામમાંથી સમય મળતો ત્યારે તે કૂતરાઓને ફરવા લઈ જતી. ૯ કલાકમાં કરે છે શાનદાર કમાણી આવી સ્થિતિમાં એક મિત્રએ તેને મજાકમાં પૂછ્યું કે તું ડોગ વોકર કેમ નથી બની જતી? આ વાત ગ્રેસના મગજમાં બેસી ગઈ અને તેણે તરત જ તેની નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને લોકોના કૂતરાઓને ફરાવવાનું કામ કરવા લાગી. વર્ષ ૨૦૧૯માં, તેણે આ માટે એક કંપની ખોલી અને તેના શોખને વ્યવસાયમાં પરિવર્તિત કર્યો. ગ્રેસ દરરોજ માત્ર ૯ કલાક કૂતરાઓને ફરે છે, જેના માટે તેને પૈસા મળે છે. જ્યારે આ કામ શરૂ થયું ત્યારે તેની પાસે માત્ર ૨-૪ ગ્રાહકો હતા, પરંતુ તે પછી પણ સેંકડો ગ્રાહકો આવ્યા. તે એક વર્ષમાં ૪૨ હજાર પાઉન્ડ એટલે કે ૪૨ લાખ રૂપિયાથી વધુની કમાણી કરે છે. જો ટેક્સ લેવામાં આવે તો તેની પાસે સરળતાથી ૩૪ લાખ રૂપિયા બચી જાય છે. જો કે, આ કામના પડકારો વચ્ચે, ગ્રેસ કહે છે કે મોટાભાગની કમાણી પેટ્રોલ પર ખર્ચવામાં આવે છે, જોકે તેણીને તેનું કામ ગમે છે.


# ઉનામાં સિલિન્ડર ફાટતા એક પરીવારનાં ૪ દાઝતા બેની હાલત ગંભીર : સારવાર હેઠળ




(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩૦ ઉનામાં વડલા ચોક સામે પટેલ વાડી વિસ્તારમાં આવેલ મકાનમાં રહેતા મુસ્લિમ પરિવારની મહિલા રજીયાબેન સબીરશા શામદાર સવારે ઘરે લોકો માટે ચા બનાવવા ગેસ ચાલુ કરતા અચાનક ભડકો થતાં સિલિન્ડર ફાટતાં આગ લાગી હતી. જોરદાર અવાજ આવતા આજુબાજુ ના લોકો ભેગા થઈ ગયા હતા અને આગ ને બુઝાવી હતી આ આગ મા રજીયાબેન શબીર શા, શબીરશા શામદાર, હનીફાબેન શામદાર, સબિરા રહેમાન રે. તમામ ઊના ગંભીર રીતે દાઝેલા હોય પ્રથમ ઊના હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા ત્યાંથી વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલમાં ખસેડેલ છે જેમાં માતા અને પુત્રને મોઢા, હાથ, પગમાં ગંભીર રીતે દાઝી ગયેલ હોય ડોકટર ગંભીર સ્થિતિ જણાવી હતી. ગેસ સિલિન્ડર મા બ્લાસ્ટ કેવીરીતે થયો તેની તપાસ ચાલુ છે.

# શિલ્પકાર યોગીરાજ હવે શ્રી કૃષ્ણની મૂર્તિને આકાર આપશે



નવી દિલ્હી તા.૩૦ અયોધ્યામાં શ્રી રામ લલ્લાની મૂર્તિને આકાર આપનાર શિલ્પકાર યોગીરાજ હવે કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણના વિશાળ સ્વરૂપનો સાક્ષાત્કાર કરશે. જેમાં મહાભારત દરમિયાન અર્જુન સાથેના સંવાદમાં શ્રી કૃષ્ણનું વિશાળ સ્વરૂપ બતાવવામાં આવશે. આમાં અર્જુન અને ચાર ઘોડા સાથેનો રથ પણ જોવા મળશે. શ્રી રામની મૂર્તિની તર્જ પર આ મૂર્તિ પણ નેપાળની ગંડક નદીમાંથી કાઢવામાં આવેલા શાલિગ્રામ પથ્થરમાંથી બનાવવામાં આવશે. બ્રહ્મસરોવરના પૂર્વ કિનારે નિર્માણાધીન ૧૮ માળના જ્ઞાન મંદિરના ગર્ભગૃહમાં શ્રી કૃષ્ણની ઉક્ત મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે, જે ધર્મનગરીને વિશેષ ઓળખ આપે છે અને એશિયામાં સર્વોચ્ચ માનવામાં આવે છે. શ્રી બ્રહ્મપુરી અન્નક્ષેત્ર ટ્રસ્ટ જ્ઞાન મંદિરના સ્થાપક સ્વામી ચિરંજીવપુરી મહારાજ કહે છે કે ત્રણ એકર જમીનમાં ૧૮ માળનું જ્ઞાન મંદિર બનાવવામાં આવી રહ્યું છે. અર્જુનને સંદેશ આપતા શ્રી કૃષ્ણનું વિશાળ સ્વરૂપ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે, જેના માટે શિલ્પકાર અરુણ યોગીરાજ સાથે ચર્ચા કરવામાં આવી છે. અરુણ યોગીરાજ અહીં પહોંચ્યા પછી જ નક્કી થશે કે મૂર્તિને પૂર્ણ કરવામાં કેટલો સમય લાગશે અને તેનું કદ શું હશે. ટ્રસ્ટના વડા રાજેશ ગોયલનું કહેવું છે કે શિલ્પકાર અરુણ યોગીરાજ સાથે ચર્ચા કર્યા બાદ નેપાળમાં શાલિગ્રામ પથ્થર માટે સતત સંપર્ક કરવામાં આવી રહ્યો છે. શ્રી રામની મૂર્તિની તર્જ પર શાલિગ્રામ પથ્થરમાંથી આ મૂર્તિ બનાવવાની યોજના છે. તે ટૂંક સમયમાં પૂર્ણ થશે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, શાલિગ્રામ પથ્થરને ભગવાન વિષ્ણુનું સ્વરૂપ માનવામાં આવે છે અને ઘણા હિન્દુ ઘરોમાં દરરોજ તેની વિશેષ પૂજા કરવામાં આવે છે. જાણીતા શિલ્પકાર અરુણ યોગીરાજ કર્ણાટકના મૈસુરના રહેવાસી છે. તેમણે સુભાષ ચંદ્ર બોઝની ૩૦ ફૂટની પ્રતિમા પણ બનાવી છે, જે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ પહેલા નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટ ખાતે અમર જવાન જ્યોતિની પાછળની છત્રીમાં સ્થાપિત કરવામાં આવી હતી. યોગીરાજે કેદારનાથમાં આદિ શંકરાચાર્યની ૧૨ ફૂટ ઊંચી પ્રતિમા પણ બનાવી છે.

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરિવારના મોભી અને


# જૂનાગઢનાં અખબારી જગતના ભિષ્મ પિતામહ સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયને પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

## જૂનાગઢ શહેર -જીલ્લાના સર્વાંગી વિકાસના પ્રશ્નોને અસરકારક વાચા આપી તેમજ નાનામાં નાના માણસને પણ ન્યાય મળે તે માટે જીવન પર્યન્ત પત્રકારીત્વનું દાયિત્ય નીભાવનારા મુઠી ઉચેરા માનવી એટલે કાર્તિકભાઈ ઉપાધ્યાય


સ્વ. ઉર્મિલાબેન પટેલ સાથે મુલાકાત


એકલવ્ય પબ્લીક સ્કુલનાં કાર્યક્રમમાં મુખ્ય અતિથિ


સ્વ. રાજીવ ગાંધી સાથેની યાદગાર ક્ષણો



સ્વ. દેવાણંદભાઈ સોલંકી, ગોરધનભાઈ ઝડફીયા દ્વારા પ્રેસની મુલાકાત



અમેરીકાનાં પ્રવાસ વખતે સીએનએન હેડકવાર્ટરની મુલાકાત


ત્રણ જીગરજાન મિત્રો : હરીશભાઈ દેશાઈ, કાળુભાઈ સુખવાણી, કાર્તિકભાઈ ઉપાધ્યાય


તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. છબિદાસ મહેતા સાથે મુલાકાત


તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલ સાથે મુલાકાત


અમારા પથદર્શકો : કાર્તિકભાઈ અને રશ્મીબેનની યાદગાર તસ્વીર


સ્વ. છબિલદાસ મહેતા, સ્વ. ભાવનાબેન ચિખલીયા સાથે કાર્યાલયની મુલાકાત

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાતનું અગ્રીમ અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના સ્થાપક તંત્રી સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે આજે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરિવાર દ્વારા શ્રધ્ધા સુમન અને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. આજીવન નિષ્ઠાપૂર્વક અને નિડર રીતે અખબારી ધર્મ અદા કરનારા અને પત્રકાર જગત તેમજ અખબારી આલમને રાહ ચીંધનારા માર્ગદર્શક પથદર્શક મુઠ્ઠી ઉચેરા માનવી અને પત્રકારત્વ ક્ષેત્રના ભિષ્મપિતામહ કાર્તિકભાઈ ઉપાધ્યાયને ભાવપુર્ણ શ્રધ્ધાજલી સાથે કોટી કોટી વંદના કરવામાં આવે છે.

પત્રકારત્વ એટલે કાંટાળો પંથ આ માર્ગ ઉપર પગ માંડનારના પગ દાઝી જાય છે ઉત્તમ કક્ષાનું અને નિષ્ઠાપૂર્વકનું પત્રકારીત્વ ક્ષેત્રમાં દાયીત્ય નિભાવવું તે અત્યંત કઠીન અને મુશ્કેલભર્યુ છે. પરંતુ કાંટાળા પંથ ઉપર પગલા માંડી અને જીવનના અમુલ્ય વર્ષો જૂનાગઢ શહેર અને જીલ્લાના વિકાસ તેમજ આમ જનતાના પ્રશ્નોને અસરકારક રીતે રજુ કરી અને લોકશાહી રાજયમાં પ્રજાની સાચા અર્થમાં સેવા કરનારા અને આજે પણ જૂનાગઢની જનતા જેઓને યાદ કરે છે તેવા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરીવારના મોભી કાર્તિકભાઈ ઉપાધ્યાયની વસમી વિદાયને આજે એક વર્ષ પુર્ણ થયું છે. ત્યારે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરિવાર દ્વારા સદગતને ભાવપૂર્ણ શ્રધ્ધાજલી અર્પણ કરે છે.

ભગવાન પરશુરામના વંશજો એવા બ્રાહ્મણ પરિવાર અને તેમાં પણ ઉપાધ્યાય પરિવાર એટલે વટનો કટકો આવા આ પરિવારમાં જન્મ ધારણ કરી અને કંઈક કરી છુટવાની હામ હૈયામાં ભીડી હતી. ભણતર પુર્ણ કરી અને કાકા સ્વ. ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયના હાથ નીચે અખબારી ક્ષેત્રમાં યુવાન વયના કાર્તિકભાઈ રતિલાલભાઈ ઉપાધ્યાયે ઝંપલાવ્યું હતું અને કાંટાળા પંથ ઉપર પગલા પાડયા. આજે તો સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર જૂનાગઢનું જ નહી પણ ગુજરાતનું અગ્રણી અખબાર તરીકે સ્થાન પામ્યું છે. પરંતુ શરૂઆતના દિવસો અત્યંત કઠીન અને કપરા હતા. કાકા ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયે રાજકોટ ખાતેથી સૌરાષ્ટ્ર ભૂમિ સાપ્તાહીક શરૂ કર્યુ હતું અને ત્યારબાદ જૂનાગઢ ખાતેથી દૈનિક સ્વરૂપે સૌરાષ્ટ્ર ભૂમિની સફર શરૂ થઈ હતી. આંખોમાં અનેક સપના લઈને આવેલા નવ યુવાન કાર્તિકભાઈ ઉપાધ્યાયે કાકા ગજેન્દ્રભાઈને મદદ માટે જૂનાગઢ આવી અને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રમાં પર્દાપણ કરી અને અખબારને લગતું કામકાજ સંભાળી લીધું કંમ્પોઝ પ્રિન્ટીંગથી માંડીને તમામ ક્ષેત્રમાં હાથ અજમાવી અને એક અખબારી કાર્યાલયમાં જે નિપુણતા જોઈએ તે કાર્તિકભાઈ ઉપાધ્યાયે મેળવી લીધી. આજથી ૪૮ વર્ષ પહેલાં અખબારી ક્ષેત્રની આ કામગીરી અતિ મુશ્કેલભરી હતી. ટાચા સાધનો વચ્ચે અખબાર ચલાવવું એટલે લોઢાના ચણા ચાવવા જેવી મુશ્કેલ બાબત હતી. પરંતુ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પોતાના લક્ષ્યાંક ઉપર આગળ ધપી રહ્યું હતું એ દરમ્યાન કાકા ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયનું અવસાન થતા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો સંપુર્ણ કાર્યભાર યુવાન વયના કાર્તિકભાઈ ઉપાધ્યાય ઉપર આવી પડયો. પરંતુ જેમનું હૈયુ અને કાળજું વજ્ર જેવું હતું અને ગમે તેવી પરિસ્થિતિ હોય તો પણ ડેમેજ કંટ્રોલ કરવાની જેમાં આવડત અને કુશળતા હતી એવા કાર્તિકભાઈ ઉપાધ્યાયે બનેવી મુકેશભાઈ વ્યાસના સહકાર સાથે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રને આગળ ધપાવવા સખત પરીશ્રમ શરૂ કર્યો. થોડા સમય બાદ મુકેશભાઈ વ્યાસનું પણ સાથ છુટી જતા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રની સંપૂર્ણ જવાબદારી કાર્તિકભાઈ ઉપાધ્યાય ઉપર આવી ગઈ અને આ સાથે જ અજબ હિંમત ધૈર્ય અને કુશળતાને અમલમાં મુકી અખબારી જગતના એમબીએની માફક કાર્તિકભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ વિકાસની કુચ શરૂ થઈ. વાવાઝોડુ હોય, અતિવૃષ્ટી હોય કે ગમે તેવી મુશ્કેલજનક પરિસ્થિતિ હોય પરંતુ સમય થાય એટલે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો અંક અચુક પ્રસિધ્ધ થાય એવો આ વણલખ્યો નિયમ આજે પણ ચાલુ રહ્યો છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકે જૂનાગઢ શહેરને રોપવે મળે તે માટે એક અભિયાન હાથ ધર્યુ હતું. આ ઉપરાંત પ્રવાસન ક્ષેત્રે જૂનાગઢનો સર્વાંગી વિકાસ થાય તેમજ ઉપરકોટ, મકબરો અને ફરવાલાયક સ્થળોનો વિકાસ થાય અને જૂનાગઢ શહેર પ્રવાસનનું હબ બને તે માટેનું સ્વપ્ન સેવ્યું હતું અને આ સ્વપ્ને સાકાર કરવા માટે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં સતત અહેવાલો પ્રસારીત કર્યા હતા. આ ઉપરાંત બ્રોડગેજનો પ્રશ્ન હોય, ઓકટ્રોયનો પ્રશ્ન હોય કે આમ જનતાના પ્રાથમીક સુવિધાના પ્રશ્નો હોય જૂનાગઢની જનતાના પ્રાણ પ્રશ્નોને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકને અસરકારક રીતે રજુ કરી અને ઉકેલની દિશા આપી છે. લોકોની લાગણી અને માંગણીને ધ્યાને લઈ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ગૃપ દ્વારા સૌરાષ્ટ્ર ભૂમિ ન્યુઝ ચેનલ પણ ચલાવવામાં આવી હતી અને તે પણ ખુબ જ લોકપ્રિય રહી હતી. આ સાથે જ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક અમદાવાદ અને ગાંધીનગર ખાતેથી પણ પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યું છે. ૪૮ વર્ષની સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની વિકાસ યાત્રાને નિર્ધારીત લક્ષ્યાંક સુધી પહોંચાડવા માટે કાર્તિકભાઈ ઉપાધ્યાયે રાત દિવસ જોયા વિના સખત ને સતત પરિશ્રમ કરી અને આજે જનતા જનાર્દનમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક એટલે પોતાનું અખબાર એવું આદરભર્યુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અખબારી ક્ષેત્રમાં પ્રવેશ કરનારા કે પત્રકાર ક્ષેત્રમાં તાજુ જ ભણીને આવેલા પત્રકારો તેમજ પત્રકાર ક્ષેત્રમાં કંઈક નવું કરવા માટે આવેલા અનેક યુવાનોને પત્રકાર ક્ષેત્રની પાપા ડગલી કાર્તિકભાઈ ઉપાધ્યાયે શિખવાડી છે. કલમ હાથમાં પકડતા પણ શિખવાડયું છે એટલું જ નહી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રમાં પત્રકારત્વના નિયમ સાથે કલમવીરોને લખવાનું મેદાન પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક દ્વારા પુરૂ પાડવામાં આવેલ છે. અહીં તૈયાર થયેલા કલમવીરો આજે જુદા જુદા અખબારોમાં ટોચના સ્થાન ઉપર ફરજ બજાવે છે. કાર્તિકભાઈ ઉપાધ્યાયનું એક વિશિષ્ટ જમા પાસુ એ પણ હતું કે અહીં કામ કરનારા એટલે કે સૌરાષ્ટ્ર ભૂમિ પત્ર સાથે જોડાયેલા અને જુદા જુદા વિભાગમાં કામ કરનારા ૩૦ વર્ષ જુના કર્મચારી આજે પણ કાર્તિકભાઈ ઉપાધ્યાયની હયાતી નથી તો પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક સાથે જોડાયેલા રહ્યા છે. પત્રકાર ક્ષેત્રમાં આદરભર્યુ નામ અને જૂનાગઢ અખબારી જગતના ભિષ્મ તરીકે ઓળખાતા કાર્તિકભાઈ ઉપાધ્યાય ગત તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૨ના દિવસે તેઓએ અણધારી વિદાય લીધી હતી જોગાનુજોગ એ દિવસે તેમનો જન્મ દિવસ પણ હતો અને એ જ દિવસે તેઓ વિદાય થતા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરિવાર હતપ્રત બની ગયો હતો. કાર્તિકભાઈ ઉપાધ્યાયના પરિવારમાં ગં.સ્વ.રશ્મીબેન કાર્તિકભાઈ ઉપાધ્યાય, ભાવિનીબેન મિલનભાઈ ગાંધી, યેશાબેન સિધ્ધાર્થભાઈ ત્રિવેદી, શૈલાબેન ચિરાગભાઈ જાની, રિધ્ધીબેન કુશલભાઈ પારેખ, અભિજીત કાર્તિકભાઈ ઉપાધ્યાય, ડો.નિષ્ઠાબેન અભિજીત ઉપાધ્યાય, ચિ.આરના અભિજીત ઉપાધ્યાય તેમજ પરિવારજનોને વિલાપ કરતા છોડી ગયા હતા. કાર્તિકભાઈ ઉપાધ્યાયે સૌરાષ્ટ્ર ભૂમિને અધ્યતન સાધનોથી સજજ કરવા સાથે ફોરકલર મશીનરીનું સ્વપ્નું પણ સેવ્યું હતું અને આ સ્વપ્નું તેમના નવયુવાન પુત્ર અને તંત્રી અભિજીત ઉપાધ્યાયે તનતોડ મહેનત કરી અને સાકાર કર્યુ છે. એટલું જ નહી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર આજે પણ કાર્તિકભાઈ ઉપાધ્યાયે જે માર્ગ અપનાવ્યો હતો અને જે રાહ ચિંધ્યો હતો તે માર્ગ ઉપર સતત આગળ ધપી રહ્યું છે. આમ પ્રજાના પ્રશ્ને કોઈ જાતની શેહ શરમ રાખ્યા વિના આજે પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક અટલ, અડલ અને નિડરતા પૂર્વક અખબારી ધર્મ અદા કરી રહેલ છે અને દિવસે ને દિવસે અખબારની લોકપ્રિયતા વધી રહી છે. કાર્તિકભાઈ ઉપાધ્યાય પાસે જે નિર્ણાયક શકિત, કુશળતા અને મેનેજમેન્ટની જે ખુબીઓ હતી તે તેમના પુત્ર અભિજીત ઉપાધ્યાયમાં ઉતરી છે અને મોરના ઈંડા ચિતરવા ન પડે તે કહેવતને સાર્થ કરી છે. એટલું જ નહી સૌરાષ્ટ્ર ભૂમી ગૃપ દ્વારા લોકોની સુવિધા માટે ફલાય ફાસ્ટ પાર્સલ સેવા પણ શરૂ કરી છે અને જે પણ સફળ રહી છે. કાર્તિકભાઈ ઉપાધ્યાય આજે આપણી વચ્ચે નથી પરંતુ તેઓનું માર્ગદર્શન અને આર્શીવાદ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરિવારને કાયમી સાંપડતુ રહેશે. આજે તેઓની વિદાયને એક વર્ષ પુર્ણ થયું છે ત્યારે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે કાર્તિકભાઈ ઉપાધ્યાયને સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર ભાવપૂર્ણ શ્રધ્ધાજલી અર્પે છે. તેઓ ભલે આજે અમારી વચ્ચે સદેહે નથી પરંતુ તેમની આત્મીય ઉપસ્થિતિ અમે સતત અનુભવી રહયાં છીએ.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
# ભાવભરી શ્રધ્ધાંજલિ



## કાર્તિકભાઈ રતિલાલ ઉપાધ્યાય
## સ્વ.તા.૩૦-૧-૨૦૨૩ મહાસુદ નોમ સોમવાર

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
કર્મ સદાય એવા કર્યા કે સૌ યાદ કરે,
ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુકયા નહી,
સુખ દુઃખમાં સદાય હસતા રહ્યા અને મહેનતું જીવન વ્યતિત કરી
સ્નેહની સૌરભ મુકી જનારા તમે આજે પણ અમારી વચ્ચે જ છો.
એવા અમારા માર્ગદર્શક, પથદર્શકને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પણ

લી.
ગં.સ્વ.રશ્મિબેન કાર્તિકભાઈ ઉપાધ્યાય

ભાવિનિબેન મિલિનભાઈ ગાંધી | શૈલાબેન ચિરાગભાઈ જાની | અભિજીત ઉપાધ્યાય
યેશાબેન સિધ્ધાર્થભાઈ ત્રિવેદી | રિધ્ધીબેન કુશલભાઈ પારેખ | ડો.નિષ્ઠાબેન અભિજીત ઉપાધ્યાય

ચિ. આરના અભિજીત ઉપાધ્યાય તેમજ
**સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર**